dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 134 | AD - 2025, Maha Sud - 05 | Monday, Dt.17-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ઘાયલોમાંથી કેટલાકની હાલત ગંભીર, વડાપ્રધાને ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું

# દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલ ભાગદોડમાં મૃત્યુઆંક ૧૮ પર પહોંચ્યો

નવીદિલ્હી,તા.૧૬

નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલી ભાગદોડમાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૧૮ પર પહોંચી ગઈ છે. આ ઉપરાંત મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. આ ઘાયલોમાંથી કેટલાકની હાલત ગંભીર છે. અકસ્માતનો ભોગ બનેલા લોકોએ જણાવ્યું હતું કે ભાગદોડ જેવી સ્થિતિ સર્જાઈ તે પહેલાં રેલવે સ્ટેશન પર ભારે ભીડ હતી. કેટલાક લોકો સૂત્રોચ્ચાર કરતા આવ્યા અને આગળ વધ્યા. અહીંથી જ ભાગદોડ શરૂ થઈ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શનિવારે રાત્રે નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલી ભાગદોડમાં જીવ ગુમાવનારા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે અધિકારીઓ અસરગ્રસ્ત તમામ લોકોને રાહત પહોંચાડી રહ્યા છે. 'એક્સ' પરની એક પોસ્ટમાં, પીએમ મોદીએ કહ્યું: 'નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલી ભાગદોડ (જેવી પરિસ્થિતિ)થી હું દુઃખી છું. જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી સંવેદના છે. ઘાયલ લોકો જલ્દી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરું છું.' સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ જણાવ્યું હતું કે



આ ઘટનામાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે. ભાગદોડની તપાસ કરવા અને ઘટના પાછળના કારણો શોધવા માટે બે સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. તે જ સમયે, નવી દિલ્હી રેલવે સ્ટેશન ઘટનાથી પ્રભાવિત લોકો માટે વળતરની જાહેરાત કરવામાં આવી છે અને વળતરનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે. મૃતકોના પરિવારજનોને ૧૦ લાખનું વળતર, ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ૨.૫ લાખ, નાની ઈજા પામેલાઓને ૧.૦ લાખનું વળતર આપવાનું સરકારે નક્કી કર્યું છે.

#### દિલ્હીમાં મધરાતના સમયે ટ્રેન ઉપડવાની તારીખ બદલવામાં આવી હતી અને નાસભાગ મચી ગઇ

નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલી ભાગદોડમાં ૧૫ મહિલાઓ સહિત ૧૮ લોકોના મોત થયા છે. શનિવારે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ સ્ટેશન પર નાસભાગ મચી ગઈ હતી. રેલવેએ જણાવ્યું હતું કે શનિવારે રાત્રે પ્લેટફોર્મ નંબર ૧૪ પર મુસાફરોની ભારે ભીડ હતી જેઓ પ્રયાગરાજ જતી ટ્રેનમાં ચઢવાની રાહ જોઈ રહ્યા હતા. તે જ સમયે, નવી દિલ્હીથી દરભંગા જતી સ્વતંત્ર સેનાની એક્સપ્રેસમાં ચઢવા માટે પ્લેટફોર્મ નંબર ૧૩ પર મોટી સંખ્યામાં મુસાફરો એકઠા થયા હતા. આ ટ્રેન મોડી ચાલી રહી હતી. પ્લેટફોર્મ નં. ૧૪ અને ૧૩ એકબીજાને અડીને હોવાથી અને બંને પ્લેટફોર્મ પર ભીડ હોવાથી મુસાફરોને પ્લેટફોર્મ પર જ રોકાઈ જવું પડ્યું, જેના કારણે મધરાતના સમયે ટ્રેન ઉપડવાની તારીખ બદલવામાં આવી હતી.

# દિલ્હી બાદ હવે પશ્ચિમ બંગાળ જીતવા તરફ ભાજપે કરી તૈયારી

નવીદિલ્હી,તા.૧૬

૨૭ વર્ષ પછી દિલ્હીમાં જીત મેળવ્યા બાદ, ભાજપ હવે પશ્ચિમ



બંગાળમાં આ ફોર્મ્યુલા અજમાવવાની તૈયારી કરી રહ્યું છે. પાર્ટીનું માનવું છે કે દિલ્હીમાં સફળતા પાછળ, ચૂંટણી વ્યવસ્થાપન અને સૂક્ષ્મ વ્યવસ્થાપનની સાથે મજબૂત ઉમેદવારોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. હવે આ જ રણનીતિ બંગાળમાં અપનાવવામાં આવશે જ્યાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ભાજપ સંગઠન પહેલાથી જ મેદાનમાં ઉતરી ચૂક્યું છે અને સંપૂર્ણ યોજના સાથે ચૂંટણીની જવાબદારી સંભાળવાની તૈયારી કરી રહ્યું છે. વાસ્તવમાં, પશ્ચિમ બંગાળના એક વરિષ્ઠ ભાજપ નેતાને ટાંકીને મીડિયા રિપોર્ટમાં કેટલીક બાબતો શેર કરવામાં આવી છે.

જવાહર નવોદય & સૈનિક સ્કૂલ અમરેલી
ધો.5 CET માટે
ટ્યુશન - હોસ્ટેલ - અપડાઉન
લાઠી રોડ બાયપાસ ચોકડી
રોહિત જોષી - અમરેલી
Mo.94294 33031
Mo.90676 06698

# જયલલિતાની જપ્ત કરાયેલી મિલ્કતો તમિલનાડુ સરકારને ટ્રાન્સફર કરવા બેંગલુરુ કોર્ટનો આદેશ

બેંગ્લુરૂ, તા.૧૬


બેંગલુરુની એક ખાસ સીબીઆઈ કોર્ટે જયલલિતાની સંપત્તિ અંગે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સીબીઆઈ કોર્ટે બુધવારે તમિલનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ જયલલિતાની જપ્ત કરાયેલી બધી સંપત્તિ તમિલનાડુ સરકારને ટ્રાન્સફર કરવાનો આદેશ જારી કર્યો હતો. બેંગલુરુ કોર્ટના આદેશના એક દિવસ પછી, જપ્ત



કરાયેલી મિલકતો સત્તાવાર રીતે રાજ્ય સરકારને ટ્રાન્સફર કરવામાં આવી હતી. કર્ણાટક સત્તાવાળાઓ દ્વારા તમિલનાડુને સોંપવામાં આવેલી વૈભવી વસ્તુઓમાં સોનાની તલવાર અને સોનાના મુગટનો સમાવેશ થાય છે. યાદીમાં રહેલી વસ્તુઓમાં શરીર પર મોરપીંછની રચના સાથેનો સોનેરી કમરપટો પણ સામેલ છે. અત્યાર સુધીમાં, કર્ણાટક સત્તાવાળાઓ પાસે જયલલિતાની જપ્ત કરાયેલી સંપત્તિનો મોટો ખજાનો હતો. તેમાં ૨૭ કિલો ૫૫૮ ગ્રામ સોનાના દાગીના, ૧,૧૧૬ કિલો ચાંદી અને ૧,૫૨૬ એકર જમીન સંબંધિત દસ્તાવેજો હતા. આ બધો ખજાનો કર્ણાટક વિધાનસભાના ખજાનામાં સુરક્ષિત રાખવામાં આવ્યો હતો.

ત્રીજી માસિક પુણ્યતિથિએ સહૃદય
શ્રદ્ધાંજલી

આંખો હજુ નિહાળે છે તને,
અંતર હજુ પોકારે છે તને,
સ્મરણ તારૂ થાય છે, મન મૂકીને રડાવે અમને,
પરમ કૃપાળુ પરમાત્મા તારા
આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના......



સ્વ.પાવન કિશોરભાઈ પટેલ (ભાચાણી)
સ્વ.તા.૧૭-૧૧-૨૦૨૪

લી.

ભરતભાઈ દેવચંદભાઈ ભાચાણી
નિતિન ભરતભાઈ ભાચાણી
લક્ષ્ય મહેશભાઈ ભાચાણી

કિશોરભાઈ દેવચંદભાઈ પટેલ (ભાચાણી)
અરવિંદાબેન કિશોરભાઈ પટેલ
ખુશ્બુ પિયુષકુમાર ગોંડલીયા

ભગવાનભાઈ કેશવભાઈ ભાચાણી
મહેશભાઈ ભગવાનભાઈ ભાચાણી
કિરીટભાઈ ભગવાનભાઈ ભાચાણી

ભાચાણી પરિવાર
સર્જન કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ પરિવાર - રાજુલા

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૧૭-૦૨-૨૦૨૫

# નાના લીલીયા નજીક ત્રણ સાવજોએ બે ગાયોનું મારણ કર્યું : ગ્રામજનોમાં ફફડાટ

**શિકારની શોધમાં વનરાજાઓ ગામ સુધી આવી પહોંચ્યા**

અમરેલી, તા.૧૬

નાના લીલીયા, ક્રાંકચ વિસ્તારમાં અવારનવાર વનરાજા શિકારની શોધમાં છેક ગામમાં આવી ચડે છે.



ત્યારે અહીના નાના લીલીયા ગામ નજીક લોકી રોડ પર ત્રણ સાવજોએ બે ગાયોના મારણ કરતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. ત્રણ સાવજોએ બે ગાયોના મારણ કર્યાની આ ઘટના નાના લીલીયા ગામે બની હતી. અહી શિકારની શોધમાં એકસાથે ત્રણ સાવજો આવી ચડયા હતા. સાવજો બે ગાયની પાછળ શિકાર કરવા દોડયા હતા. ગામલોકોના જણાવ્યા અનુસાર ત્રણ સાવજાએ બે ગાયોના મારણ કરેલ છે.

# અમરેલીમાં ૩ નવા પ્લેટફોર્મ, ફૂટબ્રિજથી સજ્જ અતિ આધુનિક રેલવે સ્ટેશન બનશે

અમરેલી, તા.૧૬

અમરેલીમાં નવા રેલવે સ્ટેશનનું કામ હાલ શરૂ થઈ ગયું છે. જેમાં ઉંચાઈવાળા ૩ નવા પ્લેટફોર્મ, પાર્કિંગની સુવિધા, ફૂટબ્રિજ વગેરે હશે. અગાઉ અહીં બ્રોડગેજ રેલવે સ્ટેશન માટે પુરતી જગ્યા ન હતી. જેથી જુનું સ્ટેશન પાડી નાખી નવું સ્ટેશન બનાવવાનો પ્લાન હતો પરંતુ બાદમાં આ ઈમારતને યથાવત



રહેવા દઈ તેની બાજુમાં નવુ અતિ આધુનિક સ્ટેશન બનાવવાનો નિર્ણય કરાયો. જેથી ૧૯૧૨માં બનેલા જુના રેલવે સ્ટેશનની ઐતિહાસિક ધરોહર પણ સાચવી લેવાશે. જેનુ કામ હાલ ચાલુ કરી દેવામાં આવ્યું છે. ચિતલ, કુંકાવાવ, લુણીધાર, ખાખરીયા, લાઠીમાં પણ જુના સ્ટેશન સાચવી રખાયા છે. જેતલસરથી ઢસા જતી બ્રોડગેજ લાઈનમાં ખાખરીયા, કુંકાવાવ, લુણીધાર, ચિતલ અને લાઠી શહેરના રેલવે સ્ટેશનને યથાવત રાખી બાજુમાં નવા સ્ટેશન બન્યા છે. જો કે અન્ય બ્રોડગેજ લાઈન પર લીલીયા, સાવરકુંડલા, બાઢડા વિગેરે ગામોમાં નવા સ્ટેશન બનાવાયા છે.

# વિદ્યાધીશ સ્કૂલના વિદ્યાર્થીની JEE MAINમાં ઝળહળતી સફળતા

સાવરકુંડલા, તા.૧૬

પી.પી.એસ. હાઈસ્કૂલ-વંડાના શિક્ષક લાલજીભાઈ કાપડીયાના પુત્ર હેત કાપડીયાએ રાષ્ટ્રીય સ્તરે યોજાતી JEE MAIN પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. NTA દ્વારા લેવાયેલી આ પ્રતિષ્ઠિત પરીક્ષામાં હેતે ૯૯.૫૨ પર્સન્ટાઈલ મેળવી વિદ્યાધીશ સ્કૂલમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. આ નોંધપાત્ર



સિદ્ધિ બદલ શાળાના આચાર્ય સંજયભાઈ ચૌહાણ તેમજ સમગ્ર શાળા પરિવારે હેતને અભિનંદન પાઠવ્યા હતા.

# સાવરકુંડલા આરોગ્ય મંદિરમાં એક સાથે બે જટિલ શસ્ત્રક્રિયાઓ સફળ

સાવરકુંડલા, તા.૧૬

લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર, સાવરકુંડલા ખાતે તબીબોએ એક મહિલા દર્દીના પિત્તાશય અને ગર્ભાશયની શસ્ત્રક્રિયા એક જ સેશનમાં સફળતાપૂર્વક પાર પાડી તબીબી ક્ષેત્રે નવી સિદ્ધિ હાંસલ કરી છે. સામાન્ય રીતે અલગ-અલગ કરવામાં આવતી



તસવીર : સૌરભ દોશી

આ બંને શસ્ત્રક્રિયાઓ હોસ્પિટલના જનરલ સર્જન ડૉ. પ્રકાશ પટેલ અને ગાયનેકોલોજિસ્ટ ડૉ. હેતવી પટેલની ટીમે લેપ્રોસ્કોપિક પદ્ધતિથી એક સાથે કરી હતી. મહિલા દર્દીને પિત્તાશયમાં ૧૫ મિમી પથરી અને ગર્ભાશયમાં ગાંઠ હોવાથી બંને શસ્ત્રક્રિયાઓની જરૂર હતી. આ નવીન પદ્ધતિથી દર્દીને બે વખત એનેસ્થેસિયા લેવાની જરૂર ન પડી. લેપ્રોસ્કોપિક પદ્ધતિથી થયેલી સર્જરીમાં દર્દીને ઓછી પીડા થઈ અને જલદી સાજા થવાની શક્યતા વધી છે.

# બગસરાના સમઢીયાળા ગામેથી સગીરાને યુવક ભગાડી ગયો

**જંગરકોલડાનાં યુવક સામે ફરિયાદ નોંધાઈ**

બગસરા, તા.૧૬

બગસરાના સમઢીયાળા ગામે રહેતી એક સગીરાને યુવક ભગાડી ગયો હતો. આ મુદ્દે સગીરાના પિતાએ વડીયાના જંગરકોલડા ગામના યુવક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની દીકરી અણસમજુ હોવાનું જાણતો હોવા છતા તેનો ભોળપણનો લાભ લઈ પોતાની પ્રેમજાળમાં ફસાવી, લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી ભગાડી ગયો હતો. બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. સાળુંકે વધુ તપાસ કરી રહ્યા છે.

# ખંભાળાથી કરીયાણા ગામ વચ્ચે અકસ્માતમાં યુવકને હેમરેજ થયું

બાબરા, તા.૧૬

બાબરાના ખંભાળાથી કરીયાણા ગામ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં યુવકને હેમરેજ થયું હતું. અકસ્માત બાદ વાહનચાલક ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે કલોરાણા ગામે રહેતા મગનભાઈ હિરાભાઈ ઝાપડીયા (ઉ.વ.૫૪)એ ગઢડા તાલુકાના ઈત્તરીયા ગામના વાહનચાલક અશ્વીનભાઈ ઉર્ફે બહાદુરભાઈ ઝવેરભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો દીકરા ભાવેશભાઈ મગનભાઈ ઝાપડીયા (ઉ.વ.૩૦) આટકોટથી તેનું મો.સા. રજી. નં.GJ-૧૪-AN-૭૭૩૪ વાળુ લઈ તેમના સસરા નાની કુંડળ ગામે રહેતા હોય ત્યાં જવા નીકળ્યો હતો. ખંભાળાથી કરીયાણા ગામ વચ્ચે પહોંચતા સામેથી એક સુપર કેરી વાહનચાલકે આવી તેના દીકરાની મોટર સાયકલ સાથે અકસ્માત કરી જડબાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. તેમજ માથાના ભાગે ગંભીર ઈજા કરી હેમરેજ કરી વાહન લઈને નાસી ગયો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વાય.એચ. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# ચાવંડમાં ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ હેડવર્કના પંપ હાઉસ ખાતેથી ૮ લાખના વાયરની ચોરી

લાઠી, તા.૧૬

લાઠીના ચાવંડમાં ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ હેડવર્કના પંપ હાઉસ ખાતેથી ૮ લાખના વાયરની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. નાના આંકડીયા ગામે રહેતા વિરેનભાઈ ભુપતભાઈ જોષી ઉ.વ.૩૦ (સુપરવાઈઝર-પાણી પુરવઠા વિભાગ)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ચાવંડમાં રાજકોટ-ભાવનગર રોડ ઉપર આવેલ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ હેડવર્કના પંપ હાઉસ ખાતેથી અજાણ્યો ચોર ઈસમ રૂપિયા ૮ લાખના કોર કોપર વાયરની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. લાઠી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.કે. પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખેડૂતોએ તાર ફેન્સીંગ યોજના માટે તા.૧૮ ફેબ્રુઆરી સુધીમાં આઈ ખેડૂત પોર્ટલ પર અરજી કરવી

અમરેલી, તા.૧૬

રાજ્યના ખેડૂતોને પાક રક્ષણ હેતુ તાર ફેન્સીંગ બનાવવાની સહાય યોજના અન્વયે વર્ષ ૨૦૨૪-૨૫ માટે નાણાકીય સહાય મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ પર ખેડૂતોએ તા.૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધીમાં અરજી કરવી. વ્યક્તિગત ખેડૂત અથવા ખેડૂત જૂથ લીડર દ્વારા અરજી કરવામાં આવે તેની પ્રિન્ટ મેળવી લેવી. આ અરજી કર્યાના દિન-૧૦ પછી ઓનલાઈન અરજીની પ્રિન્ટ સાથે જરુરી સાધનિક પુરાવા સાથે ખેડૂતો, ખેડૂત જૂથોએ, અરજદારોએ પોતાની અરજી સાથેના સાધનિક પુરાવા તાલુકાકક્ષાએ ખેતીવાડી શાખામાં વિસ્તરણ અધિકારી (ખેતી), સંબંધિત ગ્રામ સેવકને ચોકસાઈ સાથે ખરાઈ કરીને રજૂ કરવા. ઓનલાઈન અરજીની પ્રિન્ટ લઈ સહીવાળી નકલ થતાં સંયુક્ત ખાતેદારના કિસ્સામાં બાંહેધરી પત્રક, ૭/૧૨, ૮-અ ની નકલ અથવા વન અધિકાર પત્રની નકલ, બેન્ક પાસબુક નકલ/રદ કરવામાં આવેલો ચેક, આધારકાર્ડની નકલ, કબૂલાતનામું અને સ્વઘોષણાપત્ર, ડિમાર્કશન વાળા નકશા સહિતના કાગળો જોડવા. આ અંગે વધુ વિગતો માટે જિલ્લા ખેતીવાડી શાખા, અમરેલી જિલ્લા પંચાયત ભવન, જિલ્લા પંચાયત (બસ સ્ટેશન રોડ) રોડ, અમરેલીનો સંપર્ક કરવો.

# અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને અનુલક્ષીને પોલીસ દ્વારા ઉમદા કામગીરી

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા ભયમુક્ત મતદાન થાય તે હેતુથી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત અને તેમની ટીમ દ્વારા ઉમદા કામગીરી કરવામાં આવેલ છે. અગાઉ ૮૧૧ વ્યક્તિઓ પર બીએનએસ કલમ મુજબ અટકાયત તેમજ ૫૪ માથાભારે ઈસમો વિરૂધ્ધ પાસા અને હદપારની દરખાસ્ત અને પ્રોહિ-૯૩ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. ઉપરાંત દારૂની અસામાજીક પ્રવૃત્તિ કરનાર પર અવાર-નવાર રેઈડ કરી દેશી દારૂના તથા ઈગ્લીંશ દારૂના કેસો અંગે અસરકારક કામગીરી કરવામાં આવેલ છે. જેમાં દેશી દારૂ-૧૧૧૧ લીટર, કિં.રૂ.૨,૨૨,૩૨૫/- તથા ઈગ્લીંશ દારૂ બોટલ નંગ-૨૦૪૮, કિં.રૂા.૯,૦૩,૦૮૮/- તેમજ રોકડ રકમ, વાહનો તથા મુદ્દામાલ કિં.રૂ.૯,૪૬,૦૨૯/- કબ્જે કરેલ છે. તેમજ હથિયાર લાયસન્સ ધરાવતા વ્યક્તિઓ પાસેથી કુલ-૧૧૬ હથિયાર જમા લેવામાં આવેલ છે. ત્યારે હાલમાં ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચારસંહિતાનો ભંગ ન થાય તે માટે જિલ્લા ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસ દ્વારા વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવેલ છે. સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-૨૦૨૫ ની ચૂંટણી ભયમુક્ત અને તટસ્થ રીતે યોજાય તે માટે અમરેલી જિલ્લા પોલીસ સતત કાર્યરત રહેલ છે.

# મુંબઈમાં સાવરકુંડલાવાસીઓનો ક્રિકેટ ઉત્સવ, ૧૩૬ ખેલાડીઓએ ભાગ લીધો

સાવરકુંડલા, તા.૧૬

મુંબઈના મુલુંડ વિસ્તારમાં મૂળ સાવરકુંડલાના જૈન પરિવારો દ્વારા આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ સતત બીજા વર્ષે સફળતાપૂર્વક સંપન્ન થઈ છે. કાલીદાસ એથેલોન ટર્ફ ખાતે યોજાયેલી આ ટુર્નામેન્ટમાં પુરુષોની ૮ અને મહિલાઓની ૪ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં કુલ



૧૩૬ ખેલાડીઓએ પોતાનો જુસ્સો દેખાડ્યો હતો. કાર્યક્રમમાં નવીનચંદ્ર છોટાલાલ શેઠ, અનીલભાઈ દોશી, પંકજભાઈ દોશી, પ્રમોદભાઈ સંઘવી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાવરકુંડલાથી પત્રકાર પ્રદીપભાઈ દોશી અને કિશોરભાઈ મહેતા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ધર્મેન્દ્ર મહેતા, મનીષ મહેતા, શૈલેષ દોશી સહિતની કમિટીના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.









## ચાર નગરપાલિકાની ચૂંટણીમાં એકંદરે ૬૦ ટકા મતદાન : મતદારોએ નિરસ થઈને કર્યું મતદાન

# અમરેલીની ચાર નગરપાલિકાઓમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લામાં લાઠી, ચલાલા, રાજુલા, જાફરાબાદ એમ ચાર નગરપાલિકાની ચૂંટણીનું વહેલી સવારથી મતદાન શરૂ શયું હતું. જે સાંજે છ વાગ્યે શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું હતું. આ ઉપરાંત સાવરકુંડલા, દામનગર, અમરેલી અને મીઠાપુર ડુંગરી તાલુકા પંચાયતની પેટાચૂંટણીમાં પણ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું હતું. અમરેલી જિલ્લાની ચારેય નગરપાલિકાની ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા યોજાઈ હતી. આખા દિવસમાં ક્યાંક નવયુગલોએ લગ્નના જોડામાં મતદાન કર્યું હતું, તો ક્યાંક લાકડીના ટેકે આવેલા મતદારોએ પોતાનો કિંમતી મત આપ્યો હતો. અમરેલી નગરપાલિકાની બે સીટ માટે થયેલ પેટાચૂંટણીમાં મતદારોએ નિરસ મતદાન કર્યું હતું અને ફક્ત



૩૪ ટકા જેવું જ મતદાન થયું હતું. સૌથી વધુ મતદાન જાફરાબાદ નગરપાલિકામાં ૬૯ ટકા જેવું નોંધાયું હતું. દિવસ દરમિયાન એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાયું હતું. લાઠીમાં સવારના સમયે ઈવીએમ મશીન બદલવું પડ્યું હતું. રાજુલા અને જાફરાબાદમાં શાંતિપૂર્ણ માહોલ વચ્ચે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ સહપરિવાર મતદાન કર્યું હતું. રાજુલા વોર્ડ નં.૬માં લગ્નનાં દિવસે યુવકે મતદાન કરી રાષ્ટ્રધર્મ નિભાવ્યો હતો. વૃદ્ધો અને વિકલાંગ મતદાતાઓને વ્હીલચેર અને પોલીસ-હોમગાર્ડની મદદથી મતદાન મથક સુધી લઈ જવામાં આવ્યા હતા. સાવરકુંડલા વોર્ડ નં.૩ માં ૪૪ ટકા જેવું સામાન્ય મતદાન નોંધાયું હતું. નગરપાલિકાની ચૂંટણી કરતાં પેટા નગરપાલિકા ચૂંટણીમાં મતદારોએ નિરસતા દાખવી હતી. મીઠાપુર ડુંગરી તાલુકા પંચાયત સીટ પર ફક્ત ૪૨ ટકા જેવું જ મતદાન નોંધાયું હતું. દિવસ દરમિયાન જિલ્લાભરમાં ક્યાંય પણ અનિચ્છનીય ઘટના બની ન હતી.

**૪ નગરપાલિકાઓની સામાન્ય પેટાચૂંટણીની ટકાવારી**

| નગરપાલિકાનું નામ | કુલ |
|---|---|
| લાઠી | ૬૧.૩૮ |
| જાફરાબાદ | ૬૮.૯૬ |
| રાજુલા | ૫૫.૪૦ |
| ચલાલા | ૫૮.૧૧ |
| કુલ | ૫૯.૭૨ |

**૩ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ ૫ બેઠકોની પેટાચૂંટણીની ટકાવારી**

| નગરપાલિકાનું નામ | કુલ |
|---|---|
| સાવરકુંડલા | ૪૩.૪૮ |
| અમરેલી | ૩૦.૮૬ |
| અમરેલી | ૩૭.૫૬ |
| દામનગર | ૪૭.૪૪ |
| દામનગર | ૩૫.૫૦ |
| કુલ | ૩૭.૨૦ |

**મીઠાપુર ડુંગરી તાલુકા પંચાયતની પેટાચૂંટણીની ટકાવારી**

| | |
|---|---|
| મીઠાપુર ડુંગરી | ૪૧.૩૯ |

## બાબરાના યુવા એડવોકેટ રિષિ પ્રમોદભાઈ રૂપારેલિયાને ભારત સરકાર દ્વારા નોટરી પ્રમાણપત્ર એનાયત

બાબરા, તા.૧૬

બાબરાના યુવા એડવોકેટ અને લોહાણા સમાજના યુવા આગેવાન અને બાબરા રઘુવીર સેનાના પ્રમુખ અને બાબરા બાર એસસિએશનના સેક્રેટરી અને નાત જાતના ભેદભાવ વગર હર હંમેશનો તમામ સમાજ માટે અડધી રાતનો હોંકારો એવા રિષિભાઈ પ્રમોદભાઈ રૂપારેલિયાની ભારત સરકાર દ્વારા નોટરી તરીકે નિમણૂક થયેલ છે. સર્વ સમાજને સાથે રાખીને ચાલતા અને સર્વ સમાજને જ્યારે જરૂર પડે ત્યારે હંમેશા હાજર રહેતા



યુવા એડવોકેટ રિષિ પ્રમોદભાઈ રૂપારેલિયાની ભારત સરકાર દ્વારા નોટરી તરીકે નિમણૂક થતાં તેમના બહોળા મિત્ર વર્ગ અને સમાજના આગેવાનો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

## લાઠી ચાવંડ રોડ પર ખોડીયાર માતાના મંદિર પાસે બનાવ બન્યો

# 'મેં ડીપ્પર મારી છતાં કેમ સામે આવવા દો છો' એમ કહેતા ફટકાર્યો

લાઠી, તા.૧૬

લાઠી ચાવંડ રોડ પર ખોડીયાર માતાના મંદિરે 'મેં ડીપ્પર મારી છે તો કેમ સામે આવવા દો છો' તેમ કહેતા ફટકાર્યો હતો. ભરતભાઈ દડુભાઈ વાળા (ઉ.વ.૨૫) એ ચાર અજાણ્યા ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ પોતાના હવાલાવાળી બસ લઈ ચલાલાથી સુરત જવા નીકળ્યા હતા. અમરેલી બાયપાસે પોતાની ગાડી સાઈડથી રોડ પર લેતા હતા અને સામેથી એક મારૂતી સુઝુકી કેરી વાહન સામે આવતુ હોય જેને પોતાની ગાડીની ડીપ્પર મારી ધીમી રાખવા કહેતા અને કેરી વાહનના ચાલકે પોતાનું વાહન ધીમું પાડ્યું નહોતું અને બસની સામે આવવા દીધું હતું. જેથી તેમણે કેરી વાહનના ચાલકને 'મેં ડીપ્પર મારી હતી છતાં કેમ સામે આવવા દો છો' તેમ કહેતા કેરીના ચાલકે બોલાચાલી કરી હતી. જે બાદ તેઓ બસ લઈ નીકળી ગયા હતા. આ બાબતનું મનદુઃખ રાખી ચાર અજાણ્યા ઈસમો ફોરવ્હીલ ગાડીમાં લાઠી ગામથી ચાવંડ રોડ પર આવેલ ખોડીયાર માતાના મંદિરે ઉભા રહ્યા હતા. તેમણે પોતાની બસ ઉભી રાખી કલીનર અગરબત્તી કરવા ગયેલ હોય તે દરમ્યાન આરોપીઓએ લાકડીઓ તેમજ ધોકાઓ વડે મુંઢમાર મારી ઝપાઝપી કરી હતી તેમજ જેમફાવે તેમ ગાળો દઈ તેમજ તું ચાવંડ ગામે આવ તેવી ધમકી આપી હતી. આ દરમિયાન તેમની પાસે ઉપરના ખિસ્સામાં રહેલ રૂ.૪૦,૦૦૦ પડી ગયા હતા.

## ખાંભાના ડેડાણ ગામે સાસુ-વહુને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

ખાંભા, તા.૧૬

ખાંભાના ડેડાણ ગામે ભરબજારે સાસુ-વહુને ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે રીઝવાના તોફીકભાઈ બેલીમ (ઉ.વ.૨૮)એ ઝાવીદખાન રફીકભાઈ પટાણ, સલીમભાઈ ઈબ્રાહીમભાઈ શેખ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આજથી સાતેક દિવસ પહેલા ડેડાણ ગામે શાહરૂખખાન ઉસ્માનખાન પઠાણ અને ઝાવિદખાન પઠાણ રસ્તામાં ઝઘડો કરતા હતા. જેથી તેના પતિએ બન્નેને નોખા પાડ્યા હતા. બન્ને સંબંધીઓ હોવાથી ઝઘડો નહીં કરવા સમજાવ્યા હતા. જે વાતનું મનદુઃખ રાખી બન્ને આરોપીઓએ તેના ઘરે લોખંડના પાઈપ વડે ડેલી ખખડાવી જાહેર રસ્તામાં તેમને તથા તેના સાસુને અશ્લીલ શબ્દોમાં ગાળો આપી હતી. તેમજ તેના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## નગરપાલિકાએ બનાવેલા સુંદર બગીચામાં વૃક્ષોની નિયમિત જાળવણીનો અભાવ

દામનગર, તા.૧૬

દામનગર શહેરના મધ્ય વિસ્તારમાં હવેલી નજીક સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત બનાવાયેલા ત્રિકોણ બાગની સુંદરતા જાળવવા માટે નિયમિત જાળવણીની જરૂરિયાત ઊભી થઈ છે. નગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ની ગ્રાન્ટમાંથી આ બગીચામાં ૧૫ બાકડા અને ૧૯ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું છે. સાંજથી સવાર સુધી LED લાઈટ્સથી ઝળહળતો આ બગીચો નાગરિકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. બગીચામાં 'સ્વચ્છ ભારત', 'સ્વચ્છતા હી સેવા', 'ગ્રીન દામનગર' અને 'નિર્મળ ગુજરાત'ના સૂત્રો પણ લખવામાં આવ્યા છે.



જો કે, બગીચામાં રોપવામાં આવેલા વૃક્ષોને નિયમિત પાણી ન મળતું હોવાથી તેમના સુકાઈ જવાની ચિંતા સેવાઈ રહી છે. સ્થાનિક રહીશોએ આ વૃક્ષોની યોગ્ય જાળવણી અને નિયમિત પાણીની વ્યવસ્થા કરવા માંગણી કરી છે, જેથી બગીચાની હરિયાળી જળવાઈ રહે.

## મારા ખેતર પાસે નીકળીશ તો તને જાનથી મારી નાખીશ કહી ધમકી આપી

અમરેલી, તા.૧૬

અમરેલીના નાના આંકડીયા ગામે રહેતા દેવાભાઈ ભીમાભાઈ ગમારા (ઉ.વ.૬૫)એ કાનાભાઈ શામભાઈ બોરડ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ ગાડર બકરા ચરાવીને આવતા હતા તે સમયે આરોપીએ તેમને તું અહીં શું કામ આવ્યો છે, મારા ખેતર પાસેથી નીકળીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

## અવસાન નોંધ

**સરંભડા**

સરંભડા ગામના રહીશ બાબુભાઈ કેશુભાઈ દુધાત (ઉંમર વર્ષ ૮૫) તારીખ ૧૫/૦૨/૨૦૨૫ના રોજ અવસાન પામેલ છે. તે અરવિંદભાઈ બાબુભાઈ દુધાતના પિતા થાય અને તેમના પૌત્ર કિશનભાઇ અરવિંદભાઈ અને પ્રિતેશભાઈ અરવિંદભાઈ છે.

**સરંભડા**

સરંભડા નિવાસી બાજરીયા રાણાભાઇ શામજીભાઈ ઉંમર વર્ષ ૮૦નું તારીખ ૧૬/૦૨/૨૫ના રોજ અવસાન થયેલ છે. તેઓ મનુભાઈ તથા કેશુભાઈ તથા શંભુભાઈના મોટા ભાઈ થાય તેમજ રસિકભાઈ તથા ભરતભાઈ અને મહેશભાઈના પિતાજી થાય તથા રમેશભાઈ શૈલેષભાઈ અને કાંતિભાઈ સુરેશભાઈ બાજરીયાના મોટા બાપુજી થાય છે.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
એજ ભાવ વ્યાજબી ભાવ
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેશીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since 1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટના અધ્યક્ષ સ્થાને જેજેબી અમરેલી ક્વાર્ટરલી રીવ્યુ બેઠક મળી

અમરેલી, તા.૧૬



સરકારી ચિલ્ડ્રન હોમ અમરેલી ખાતે ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ એ.જી.નાયી તથા માન.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ કે.એમ.વ્યાસની હાજરીમાં જુવેનાઈલ જસ્ટિસ એક્ટ -૨૦૧૫ની કલમ-૧૬ (૧) અન્વયે જેજેબી અમરેલી ક્વાર્ટરલી રીવ્યુ બેઠક મળી હતી. જેમાં જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના પેન્ડીંગ રહેલા કેસ બાબતે મિટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં માન. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ એ.જી.નાયી તથા માન.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ કે.એમ.વ્યાસે જેજેબીનાં પેન્ડીંગ કેસો બાબતે બેઠક યોજી હતી. તેમજ મર્ડર, પોક્સો રેપ જેવા ટાર્ગેટેડ કેસોના ઝડપી નિકાલ માટે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ જિલ્લામાં કાળજી અને રક્ષણની જરૂરીયાત વાળા બાળકો અંગે ચાઈલ્ડ વેલ્ફેર કમિટી દ્વારા કામગીરી કરવામાં આવે છે જે બાબતે બાળ કલ્યાણ સમિતિ દ્વારા ચર્ચા કરવામાં આવેલ આ સમગ્ર મિટિંગનો હેતુ જિલ્લામાં બાળકોના કાયદા તેમજ બાળકોને લગત યોજના, બાળકોની સુરક્ષા સારી રીતે થાય અને જુવેનાઈલ બોર્ડ દ્વારા કેસોનો ઝડપી નિકાલ થાય તે અર્થે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

# અમરેલી જિલ્લા કલેકટરે કડાયા ગામે ઓર્ગેનિક ફાર્મની મુલાકાત લીધી

**ખેડૂતો ઓર્ગેનિક ખેતી તરફ મળે તે માટે કલેક્ટરે પ્રોત્સાહન આપ્યું**

બગસરા, તા. ૧૬



તસવીર : હાર્દિક બામટા

બગસરા તાલુકાના કડાયા ગામે આવેલા ઓર્ગેનિક ફાર્મની કલેકટર દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. તેમજ વધુને વધુ ખેડૂતો ઓર્ગેનિક ખેતી તરફ વળે તે માટે પ્રોત્સાહન આપ્યું હતું. જિલ્લા કલેક્ટર અજય દહિયાએ બગસરા તાલુકાના કડાયા ગામની મુલાકાત લીધી હતી. પંચાયત, રેવન્યુ બાબતે તપાસણી કર્યા બાદ કડાયા ગામે આવેલ ઓર્ગેનિક ખેતીની વિચારધારા તરફ આગળ વધેલા ખેડૂત પ્રતિકભાઈ પાદરીયાના ગીત ગોવિંદ ફાર્મની મુલાકાત લીધી હતી. તેમજ વધુને વધુ ખેડૂતો ઓર્ગેનિક ખેતી તરફ વળે તે માટે પ્રોત્સાહન આપ્યું હતું. નાના એવા કડાયા ગામમાં થતી અનેકવિધ પ્રવૃત્તિ બાબતે ગામના સરપંચ રાજદીપભાઈ ધાધલને પણ બિરદાવ્યા હતા.

# અમરેલીમાં હાથ ઉછીના આપેલા પૈસા પરત માંગતા છરી મારવાની ધમકી આપી

અમરેલી, તા.૧૬

અમરેલીમાં એક યુવકે હાથ ઉછીના આપેલા પૈસા પરત માંગતા તેને છરી મારી દેવાની ધમકી આપી હતી. અવેશબાઈ નૂરમહંમદભાઈ મેતર (ઉ.વ.૨૨)એ તોફિક સલીમભાઈ આરબ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીને ત્રણ મહિના પહેલા પૈસા હાથ ઉછીના આપ્યા હતા. આ પૈસા પરત માંગતા તેને સારું નહોતું લાગ્યું અને પાછા આપવાની ના પાડી હતી. આરોપીએ તેના હાથમાં પહેરેલું કડું કાઢી કપાળમાં ત્રણથી ચાર વખત મારી ઈજા કરી હતી. તેમજ ઢીકાપાટુનો માર મારી છરી મારી દેવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. વી. લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયાના માયાપાદર ગામે માલઢોર લઈને આવવાની ના પાડ્યાના મનદુઃખમાં હુમલો

**જાનથી મારી નાખવાની ધમકી આપી**

વડીયા, તા.૧૬

વડીયાના માયાપાદર ગામે માલઢોર લઈને આવવાની ના પાડ્યાના મનદુઃખમાં હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે ઘનશ્યામભાઈ દેવરાજભાઈ માલવીયા (ઉ.વ.૪૦)એ રહેમભાઈ કિશનભાઈ દેવીપૂજક, જીતુભાઈ કિશનભાઈ દેવીપૂજક, મહેશભાઈ કિશનભાઈ દેવીપૂજક તથા કિશનભાઈ ગગજીભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની વાડીએ આજથી બે મહિના પહેલા આરોપી પોતાના માલ ઢોર લઈને ગયો હતો. જેથી તેમણે ખેતરમાં માલ ઢોર પાકનું નુકસાન કરે તેમ હોવાથી માલ ઢોર લઈને આવવાની ના પાડી હતી. આ બાબતનું મન દુઃખ રાખી આરોપીએ પોતાના હાથમાં લોખંડનું ધારીયું લઈને આવી તેનો ઘા માર્યો હતો. ઉપરાંત શરીરે આડેધડ માર મારીને મૂંઢ ઈજાઓ પહોંચાડી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

## પીપળલગ ગામે વાડી વિસ્તારમાં કુંડીમાં ડૂબી જતાં બે વર્ષની બાળકીનું મોત

અમરેલી, તા.૧૬

અમરેલીના પીપળલગ ગામે વાડી વિસ્તારમાં કુંડીમાં ડૂબી જવાથી બે વર્ષની બાળકીનું મોત થયું હતું. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના અને હાલ પીપળલગ ગામે વાડીમાં રહી મજૂરી કરતાં બસંતીબેન જીગાભાઈ પચાયા (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી આશાબેન જગાભાઈ પચાયા કુંડીમાં પડી જતાં મરણ પામી હતી.

# જાફરાબાદ તાલુકાની ૭ ગ્રામ પંચાયત અને નાગેશ્રીની ૨ ગ્રામ પંચાયત કચેરી મંજૂર

અમરેલી,તા.૧૬



અમરેલી જિલ્લાના મતવિસ્તાર જાફરાબાદ તાલુકાની ૭ ગ્રામ પંચાયત અને નાગેશ્રીની બે ગ્રામ પંચાયત કચેરી બનાવવા અંગે અગાઉ માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને હીરાભાઈ સોલંકીને રજૂઆત કરવામાં આવી હતી. આથી, આ ગ્રામ પંચાયતોને મંજૂરી મળતા ત્યાંના સરપંચ અને ગામલોકોએ આભાર વ્યકત કર્યો હતો. જે અમરેલી જિલ્લાનાં કારોબારી ચેરમેન કરશનભાઈ પી. ભીલની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# અલ્ટ્રાટેક નર્મદા સિમેન્ટ, જાફરાબાદ દ્વારા રક્તદાન શિબિર : ૧૧૨ લોકોએ કર્યું રક્તદાન

**નવકાર બ્લડ બેન્કના સહયોગથી યોજાયો કેમ્પ, યુનિટ હેડ સહિતના કર્મચારીઓ રહ્યા ઉપસ્થિત**

જાફરાબાદ,તા.૧૬

અલ્ટ્રાટેક નર્મદા સિમેન્ટ, જાફરાબાદ વર્ક્સ દ્વારા તા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ નવકાર બ્લડ બેન્ક, મહુવાના સહયોગથી અલ્ટ્રાટેક નર્મદા સિમેન્ટ જાફરાબાદ પ્લાન્ટ ખાતે યોજાયો હતો, જેમાં કુલ ૧૧૨ લોકોએ રક્તદાન કર્યું હતું. કેમ્પની શરૂઆત યુનિટ હેડ અનિલ શુક્લા સાહેબ દ્વારા દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી. આ પ્રસંગે એફ.એસ. ટેકનિકલ રાહુલ દેસાઈ સાહેબ, એફ. એસ.આર. વિકાસ વર્મા, યુનિટ એફ.સી. હેડ મનોજ બિરલા સાહેબ, મેડિકલ ટીમના ચીફ મેડિકલ ઓફિસર ડૉ. કિંજલ કુમાર ગજ્જર, ડૉ. સોહમ પટેલ, સંજયભાઈ પંડ્યા, પ્રતિમાબેન પટેલ, એડમિન હેડ વિનીત રાણા સાહેબ તેમજ સી.એચ.આર ટીમના લાલજીભાઈ ગુજ્જર અને કંપનીના અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્લાન્ટના કર્મચારીઓ, વેજ બોર્ડના કર્મચારીઓ તેમજ કોન્ટ્રાક્ટ વર્કર્સે પણ આ રક્તદાન કેમ્પમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને રક્તદાન કર્યું હતું.

# બાબરાના કરિયાણા ગામેથી ૩ શકુની ઝડપાયા, ૪ ફરાર

**પોલીસે ૨૧૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો**

બાબરા, તા.૧૬

બાબરાના કરિયાણા ગામેથી ૩ શકુની ઝડપાયા હતા. જ્યારે ૪ પોલીસને જોઈ ફરાર થઈ ગયા હતા. પોલીસે ૨૧૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રાજુભાઈ રવિયા, લખમણભાઈ જતાપરા, કરશનભાઈ બટુકભાઈ ઝાપડીયા અને સુરેશભાઈ વશરામભાઈ સીતાપરા હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૨૧૫૦ સાથે ઝડપાયા હતા. જ્યારે વલ્લભભાઈ બાબુભાઈ વેઝીયા, રસિકભાઈ બીજલભાઈ મેટાળીયા, ગૌતમભાઈ બાબુભાઈ રાઠોડ અને અરવિંદભાઈ બાબુભાઈ રાઠોડ પોલીસને થાપ આપી નાસી છૂટ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# 'તેરા તુજકો અર્પણ'ની સફળતા : તાલાલા પોલીસે ગુમ થયેલો પાસપોર્ટ રાજકોટથી શોધી કાઢ્યો

**એ.એસ.આઈ. હિંમતભાઈ સોલંકી અને હેડ કોન્સ્ટેબલ વિનોદભાઈ ગોહિલની ટીમની સફળ કામગીરી**

તાલાલા,તા.૧૬

તાલાલા પોલીસે 'તેરા તુજકો અર્પણ' અભિયાન અંતર્ગત એક મહિલા અરજદારનો રાજકોટમાં ગુમ થયેલો પાસપોર્ટ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરી છે. ચિત્રાવડ (તા.તાલાલા)ના લતાબેન બાલુભાઈ જુગીએ તાલાલા પોલીસ સ્ટેશનમાં પોતાના ગુમ થયેલા પાસપોર્ટ અંગે લેખિત અરજી આપી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે થોડા સમય પહેલા તેમના લગ્ન થયા હતા અને તેમના પતિ આફ્રિકામાં નોકરી કરે છે. કંપની દ્વારા તેમને પણ આફ્રિકા જવાનો ખર્ચ આપવામાં આવનાર હતો, પરંતુ વિઝા માટે રાજકોટ મોકલેલો પાસપોર્ટ ગુમ થતાં તેમનું આફ્રિકા જવાનું મુશ્કેલ બન્યું હતું. તાલાલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.એન. ગઢવીએ આ કેસની ગંભીરતાને ધ્યાનમાં લઈ તટસ્થ તપાસ હાથ ધરી હતી. પી.આઈ. ગઢવી, એ.એસ. આઈ. હિંમતભાઈ સોલંકી અને હેડ કોન્સ્ટેબલ વિનોદભાઈ ગોહિલની ટીમે ગુમ થયેલો પાસપોર્ટ શોધી કાઢી અરજદારને પરત કર્યો હતો, જેથી તેઓ નિર્ધારિત સમયે આફ્રિકા જઈ શકે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: પાંચમ
તા. ૧૭-૦૨-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૬:૫૮,
સૂર્યાસ્ત-૦૬:૧૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ચિત્રા

## દૈનિક રાશિફળ

**તા.૧૭-૦૨-૨૦૨૫ સોમવાર**

મેષ: આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે.

વૃષભ: આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો.

મિથુન: આજનો દિવસ રોમેન્ટિક બની શકે છે, તમે આનંદની ક્ષણો માણશો. જૂના વિવાદો અને નુકસાનને ભૂલી જવાનો દિવસ પણ છે.

કર્ક: આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે.

સિંહ: આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. છેલ્લા દિવસોથી જે યોજના પર કામ કરી રહ્યા છો તેમાં વિરામ આવી શકે છે.

કન્યા: આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે. આજે તમે બિઝનેસમાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરશો.

તુલા: આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે. ઓફિસમાં આજે કેટલાંક યુવાન સાથીઓ દ્વારા તમને પ્રોત્સાહન મળી શકે છે.

વૃશ્ચિક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો.

ધન: વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે.

મકર: આજનો દિવસ કસોટીનો રહેશે. જો તમે થોડા દિવસો માટે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો, તો તે ખરાબ સમય સમાપ્ત થવાનો છે.

કુંભ: આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે હાલમાં જે કાર્ય કરી રહ્યા છો તેમાં ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું છે, ભવિષ્યની યોજનાઓની ચિંતા ના કરો.

મીન: આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે.

# સા.કુંડલામાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે બાળકો માટે નિઃશુલ્ક પિડીયાટ્રીક ફિઝિયોથેરાપી કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૧૬



સાવરકુંડલા રેલવે સ્ટેશન સામે આવેલા વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ નિઃશુલ્ક આરોગ્ય મંદિર ખાતે તારીખ ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બાળકો માટે વિશેષ નિઃશુલ્ક પિડીયાટ્રીક ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં અમેરિકાથી પધારેલા નિષ્ણાત ડૉ. કૌશલ ભટ્ટ (એમ.પી.ટી. પિડીયાટ્રીક)એ બાળકોનું નિદાન અને સારવાર કરી હતી. કેમ્પમાં બાળકોના ધીમા વિકાસ, બેસવા-ચાલવાની સમસ્યાઓ, લખવા-વાંચવામાં પડતી મુશ્કેલીઓ, મણકાની તકલીફો જેવી કે સ્કોલિઓસિસ અને કાયફોસિસ, સેરેબ્રલ પાલ્સી, ઓટીઝમ, એ.ડી. એચ.ડી., ડાઉન્સ સિન્ડ્રોમ જેવી વિવિધ બીમારીઓની સારવાર કરવામાં આવી હતી. વિશેષમાં જણાવવામાં આવે છે કે અકસ્માતથી થયેલી મગજ અને કરોડરજ્જુની ઈજાઓ, જન્મજાત ખોડખાંપણ અને જિનેટિક રોગોને કારણે થતા ધીમા વિકાસની સારવાર પણ આ કેમ્પમાં કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં પતિએ પત્નીને ગાળો આપી મુંઢમાર માર્યો

અમરેલી, તા.૧૬

અમરેલીમાં રહેતી એક યુવતીના લગ્ન જૂનાગઢમાં રહેતા યુવક સાથે થયા હતા. લગ્ન બાદ નાની વાતોમાં તેને સાસરિયા પરેશાન કરતા હતા. પતિએ તેને ગાળો આપી મુંઢમાર માર્યો હતો. સાસરિયાના સિતમથી કંટાળીને તે પિયર પરત ફરી હતી. અસ્માબેન વાહિદભાઈ સૈયદ (ઉ.વ.૪૩)એ જૂનાગઢમાં રહેતા પતિ વાહિદભાઈ મુસાભાઈ સૈયદ, મુસાભાઈ કાસમભાઈ સૈયદ, અમીનાબેન મુસાભાઈ સૈયદ, સાહિદભાઈ મુસાભાઈ સૈયદ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને ઘરકામ બાબતે મેણા-ટોણાં મારી દુઃખ ત્રાસ આપતા હતા. તેના પતિએ ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.એ. ચાવડા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચણાની ટેકાના ભાવે ખરીદી માટે ખેડૂતોનું રજીસ્ટ્રેશન કરાવવા માંગણી

**સામાજિક કાર્યકર ભાનુભાઈ કોઠિયાએ કૃષિ મંત્રી રાઘવજીભાઇ પટેલને રજૂઆત કરી**

સા.કુંડલા, તા.૧૬



ગુજરાતમાં દર વર્ષે રવિ પાક ચણાની કેન્દ્ર સરકાર દ્વારા નાફેડ અને ગુજકોમાસોલ મારફત ખરીદી કરવામાં આવે છે. તે માટે ચણા પકાવતા ખેડૂતોનું જરૂરી રજીસ્ટ્રેશન એક મહિના પહેલા દરેક ગામમાં તથા તાલુકા મથકે ઓનલાઈન થાય છે. પરંતુ આ વર્ષે હજુ સુધી આ રજીસ્ટ્રેશન શરૂ થયેલ નથી તો તે ચાલુ કરાવવા વાંકિયાના સામાજિક કાર્યકર ભાનુભાઈ કોઠિયાએ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલને રજૂઆત કરી છે. આ વર્ષે ચણાનું સાત લાખ હેકટર જમીનમાં વાવેતર થયેલ છે. ચણાનું મબલખ ઉત્પાદન થવાની શકયતાઓ છે. ૨૦ દિવસમાં ચણાનો પાક ખેડૂતોના ઘેર આવી જશે તેવા સમયે સમયસર ખરીદી સેન્ટરો શરૂ થાય તે અત્યંત જરૂરી છે અને તેના માટે ખેડૂતોનું રજીસ્ટ્રેશન તાત્કાલિક શરૂ થવું જોઈએ.

**'પોલીસ કેસ કરશે તો પતાવી દઈશ' કહ્યું**

# અમરેલીમાં દુકાન બંધ કરવાનું કહી ગાળો આપી છરીના ઘા મારવાની ધમકી આપી

**અમરેલી સીટી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ**

અમરેલી, તા.૧૬

અમરેલીમાં એક યુવકને દુકાન બંધ કરવાનું કહી ગાળો આપી છરીના ઘા મારવાની ધમકી આપવામાં આવતાં ખળભળાટ મચી ગયો હતો. ઈમરાનભાઈ ઓસમાનભાઈ સેલોત (ઉ.વ.૩૭)એ ઈજહાર બીલખીયા, અમીનભાઈ અબ્દુલભાઈ બીલખીયા તથા ભુરાભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની પાનની દુકાને હાજર હતા ત્યારે ઈજહાર બીલખીયાએ તેમની દુકાન બંધ કરવાનું કહી ગાળો આપી છરીના ઘા મારવાની ધમકી આપી હતી. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા છરી બતાવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. થોડીવાર બાદ ત્રણેય આરોપીઓએ સાથે આવી તેને ગાળો આપી 'પોલીસ કેસ કરશે તો જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પ્રો.પો.સ.ઈ. આર. ડી. કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# ચાઈનાનો બોધપાઠ

ભારતીય સંસ્કૃતિ વિશ્વની ગુરુ હતી. હજી આપણે વિશ્વ ગુરુ બનવાના સપના જોઈ રહ્યા છીએ પરંતુ ચાઈના આપણાથી ૧૦ ડગલા આગળ છે. ચાઈના પાસેથી ટેકનોલોજીનો બોધપાઠ લેવો જરૂરી છે. આપણે ચીન પાસેથી પાઠ શીખવો જોઈએ. ચીને ફરી એકવાર બતાવ્યું છે કે તે ફક્ત અમેરિકા જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને પડકારવા માટે તૈયાર છે. ચીનની એક નાની કંપની, જે ફક્ત બે વર્ષ જૂની છે, તેણે ડીપસીક-આર૧ નામનું એઆઈ મોડેલ બનાવ્યું છે. આ મોડેલ એક સંપૂર્ણ નવીનતા છે, જે હવે ઓપન-સોર્સ છે અને વિશ્વભરમાં મફતમાં ઉપલબ્ધ છે. ડીપસીક વધુ આશ્ચર્યજનક છે કારણ કે તેને ફક્ત $૫.૧ બિલિયનના બજેટમાં વિકસાવવામાં આવ્યું છે, જે અમેરિકન AI ઉત્પાદનો કરતા ૧૦૦ ગણું ઓછું છે. ચીને આ બધું એવા સમયે કર્યું જ્યારે અમેરિકાએ અદ્યતન ચિપ્સ અને ટેકનોલોજીના પુરવઠા અંગે તેના પર કડક પ્રતિબંધો લાદ્યા છે. આજે, ચીન છઠ્ઠી પેઢીના ફાઈટર જેટ, ફરીથી વાપરી શકાય તેવા સ્ટારશીપ્સ, કૃત્રિમ સૂર્ય અને ટ્રિલિયન ડોલરની ટેકનોલોજી અર્થવ્યવસ્થા જેવી સિદ્ધિઓથી સમગ્ર વિશ્વને આશ્ચર્યચકિત કરી રહ્યું છે. અને ભારત ક્યાં છે? જ્યારે ચીન આગામી ૭૦ વર્ષ માટે આયોજન કરવામાં અને વિશ્વ નેતા બનવા માટે લડવામાં વ્યસ્ત છે, ત્યારે ભારત હજુ પણ ૭૦ વર્ષ જૂની ચર્ચાઓમાં અટવાયેલું છે. ગલવાન સંઘર્ષ, સરહદ પર ચીનના બંધ અને ચીનની વધતી શક્તિ પર આપણું મૌન દુઃખ પહોંચાડે છે. તેનાથી વિપરીત, આપણે ચીન સાથે $૧૧૫ બિલિયનનો અત્યાર સુધીનો સૌથી મોટો વેપાર કરી રહ્યા છીએ. પરિસ્થિતિ એવી છે કે ચીન પોતાના સંશોધન અને વિકાસ કાર્ય પર આપણા કરતા ૧૦ ગણો વધુ ખર્ચ કરી રહ્યું છે. એક સમય હતો જ્યારે ભારતે PARAM ૮૦૦૦ સુપર કોમ્પ્યુટર અને ISRO ની સિદ્ધિઓથી દુનિયાને આશ્ચર્યચકિત કરી દીધી હતી, પરંતુ હવે આપણે મટન, ચિકન, મુસ્લિમ જેવા મુદ્દાઓમાં ફસાઈ ગયા છીએ. પ્રશ્ન એ છે કે આમાંથી આપણે શું શીખવું જોઈએ? ચીને બતાવ્યું છે કે જ્યારે તમારી પાસે દૂરંદેશી હોય છે, ત્યારે કોઈપણ સંસાધનોની અછત હોવા છતાં તમે મહાન કાર્યો પૂર્ણ કરી શકો છો. આપણામાં આયોજન અને યોગ્ય દિશાનો અભાવ સ્પષ્ટપણે દેખાય છે. યુજીસીના બજેટમાં ૬૧ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે, સંશોધન પર ખર્ચ નજીવો છે અને આજે સરેરાશ ચીની નાગરિક સરેરાશ ભારતીય કરતાં પાંચ ગણો વધુ ધનવાન છે. આ સ્થિતિમાં, જો ભારતે વિકસિત રાષ્ટ્ર બનવાનું પોતાનું સ્વપ્ન સાકાર કરવું હોય, તો સરકારોએ શિક્ષણ, આરોગ્ય, માળખાગત સુવિધાઓ અને નવીનતા જેવા મૂળભૂત મુદ્દાઓ પર ધ્યાન આપવું પડશે. આપણે જૂના વિવાદોને બાજુ પર રાખીને નવા સપનાઓ પર કામ કરવું જોઈએ. આગામી ૭૦ વર્ષમાં દુનિયા પર કોણ રાજ કરશે તે નક્કી કરવા માટે ચીન અને અમેરિકા ક્યાં તૈયારી કરી રહ્યા છે? ભારતે નક્કી કરવાનું રહેશે કે તે રેસમાં જોડાશે કે ફક્ત દર્શક બનીને રહેશે. પ્રશ્ન એ જાગે છે કે આપણે ડીપસીક પર કેટલો વિશ્વાસ કરી શકીએ? ચીને 'ડીપસીક-આર૧' નામનું ખૂબ જ સસ્તું અને નવું એઆઈ ભાષા મોડેલ બનાવ્યું છે. આ હંગામો અમેરિકામાં થયો હતો, પરંતુ કેટલાક લોકો ભારતને નીચું જોવા લાગ્યા છે. એવું પૂછવામાં આવી રહ્યું છે કે જ્યારે ચીન આ કરી શકે છે અને આટલા સસ્તા AI મોડેલ બનાવી શકે છે, તો ભારત કેમ નહીં? ફરક એટલો જ છે કે આવા પ્રશ્નો ભારતમાં જાહેરમાં પૂછી શકાય છે, પણ ચીનમાં નહીં. ચીને શું નવું બનાવ્યું છે? અમેરિકા કે યુરોપમાં જે કંઈ શોધાયું છે તે ત્યાં જ બને છે. તે સસ્તા મજૂરનો ઉપયોગ કરીને તે જ વસ્તુ સસ્તી બનાવે છે. ટેકનોલોજી પશ્ચિમની છે પણ ઉત્પાદન ચીનમાં છે. જો અમેરિકામાં AI વિકસિત થાય તે પહેલાં ચીને વિશ્વને AI આપ્યું હોત, તો તે કંઈક હોત, પરંતુ આવું થયું નથી. વાસ્તવમાં, એવું બને છે કે ચીની AI પ્રશ્ન પૂછતાની સાથે જ ઠંડક અનુભવે છે. જો તમે તેમને ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી વિશે પૂછો, તો તેઓ તેની ટીકા કરતા નથી. આ જ કારણ છે કે ઘણા દેશોએ ચીનના AIનો પર્દાફાશ કરવાનું શરૂ કર્યું છે. ચીન પાસે એ પ્રશ્નનો જવાબ પણ નથી કે કોવિડ ક્યાંથી શરૂ થયો? વિશ્વ આરોગ્ય સંસ્થા પૂછીને થાકી ગઈ. તેથી, અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમાંથી બહાર આવવાનો નિર્ણય લીધો છે તેમાં કોઈ આશ્ચર્ય નથી. તે તિયાનમેન સ્ક્વેરમાં શું બન્યું તેનો જવાબ પણ આપી શક્યું નહીં. અભિવ્યક્તિ સ્વતંત્રતા અંગે ચીનનો રેકોર્ડ શું છે તે પૂછવામાં આવતા તે ગભરાઈ ગયું. આવી સ્થિતિમાં, ડીપસીક પર કેટલો વિશ્વાસ કરી શકાય? હવે આપણે એ જાણવું જરૂરી છે કે ભારત ટેકનોલોજીના ક્ષેત્રમાં કેટલું આગળ છે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

નમસ્કાર વિદ્યાર્થીમિત્રો,

છેલ્લા ત્રણ અંકોમાં આપણે 'વર્ગ અને વર્ગમૂળ' તથા 'ઘન અને ઘનમૂળ' વિશે ચર્ચા કરી અને તેનો ઉપયોગ કરી કેટલાક પ્રશ્નોના ઉકેલ પણ મેળવ્યા. હવે આશા છે કે એ તમારી આવનારી સ્પર્ધાત્મક પરિક્ષામાં તમે તે ટોપિકના પ્રશ્નો ઉકેલી શકશો અને સફળ થશો.

હવે આ લેખમાં આપણે બીજગણિત (Algebra) ના સૂત્રો વિષે ચર્ચા કરીશું જે સૂત્રો આપણે પહેલેથી શાળા અભ્યાસ દરમિયાન ભણી ગયા છીએ. આ સૂત્રો યાદ રાખવા જરૂરી છે જેનો ઉપયોગ કરી તમે ઘણા પ્રશ્નોના જવાબ મેળવી શકીએ છીએ જે સૂત્રો નીચે મુજબ છે.

1) $a^2-b^2=(a-b)(a+b)$
2) $(a+b)^2=a^2+b^2+2ab$
3) $(a-b)^2=a^2+b^2-2ab$
4) $(a+b)^3=a^3+b^3+3ab(a+b)$
5) $(a-b)^3=a^3-b^3-3ab(a-b)$
6) $a^3+b^3=(a+b)(a^2-ab+b^2)$
7) $a^3-b^3=(a-b)(a^2+ab+b^2)$
8) $(a+b+c)^2=a^2+b^2+c^2+2ab+2bc+2ca$
$= a^2+b^2+c^2+2(ab+bc+ca)$

આ સૂત્રો સાથે વર્ગ, વર્ગમૂળ, ઘન અને ઘનમૂળના બધા સૂત્રો વિદ્યાર્થીઓએ યાદ રાખવા ખૂબ જરૂરી છે. હવે આપણે આ સૂત્રોની મદદથી સ્પર્ધાત્મક પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નોના જવાબ મેળવીએ.

પ્ર.૧ $(x+y)^2-(x-y)^2=?$

(a) $xy$ (b) $2xy$ (c) $4xy$ (d) $4x^2y^2$

જવાબઃ (c) $4xy$

ઉપરના સૂત્રો પરથી $(x+y)^2-(x-y)^2=(x^2+2xy+y^2)-(x^2-2xy+y^2)=4xy$

પ્ર.૨ $(x+y)^2+(x-y)^2=?$

(a) $x^2+y^2$ (b) $2(x^2+y^2)$ (c) $4(x^2+y^2)$ (d) $4x^2y^2$

જવાબઃ (b) $2(x^2+y^2)$

ઉપરના સૂત્રો પરથી $(x+y)^2+(x-y)^2=(x^2+2xy+y^2)+(x^2-2xy+y^2)=2(x^2+y^2)$

પ્ર.૩ જો $p+q=12$ અને $pq=11$ હોય તો $p^2+q^2$ ની કિંમત કેટલી થાય?

(a) 100 (b) 120 (c) 108 (d) 122

જવાબઃ (d) 122

આ પ્રશ્ન બે રીતે ઉકેલી શકાય છે જેમાં પ્રથમ સૂત્રની મદદથી $(p+q)^2=p^2+2pq+q^2$

તેથી $(12)^2=p^2+q^2+2(11) \rightarrow p^2+q^2=144-22=122$

બીજી રીતે વિચારીએ તો અહી એવા બે નંબર મેળવવાના છે જેનો સરવાળો 12 અને ગુણાકાર 11 હોય જેમાં 11 એ અવિભાજ્ય સંખ્યા છે તો એના માટે બે જ સંખ્યા શક્ય છે જેમાંથી એક 11 અને બીજી 1. તો તેના વર્ગનો સરવાળો $(11)^2+(1)^2=121+1=122$.

પ્ર.૪ જો $p+q=12$ અને $pq=11$ હોય તો $p^2-q^2$ ની કિંમત કેટલી થાય?

(a) 100 (b) 120 (c) 108 (d) 122

જવાબઃ (b) 120

અહી આપેલી માહિતી પરથી $p^2-q^2$ ની કિંમત શોધવાનું કોઈ સૂત્ર નથી પણ પ્રશ્ન 3 પરથી $p=11$ અને $q=1$.

તેથી $p^2-q^2=(11)^2-(1)^2=121-1=120$

પ્ર.૫ જો $a-b=5$ અને $a^2+b^2=97$ હોય તો $ab$ ની કિંમત કેટલી થાય?

(a) 32 (b) 36 (c) 48 (d) 72

જવાબઃ (b) 36

$(a-b)^2=a^2+b^2-2ab \rightarrow (5)^2=97-2ab \rightarrow 2ab=97-25=72 \rightarrow ab=36$

પ્ર.૬ જો $a+b=6$ અને $ab=8$ હોય તો $a^3+b^3$ ની કિંમત કેટલી થાય?

(a) 20 (b) 52 (c) 72 (d) 168

જવાબઃ (c) 72

$(a+b)^3=a^3+b^3+3ab(a+b) \rightarrow (6)^3=a^3+b^3+3(8)(6) \rightarrow a^3+b^3=216-144=72$

**કારકિર્દી માર્ગદર્શન**
**- અમરેલી ગણિત વર્તુળ**
**ડો. ગોપાલ કે. રાઠોડ**
**મો.નં.૯૪૦૮૫૫૫૯૭૯**

બીજી રીતે વિચારીએ તો અહી એવા બે નંબર મેળવવાના છે જેનો સરવાળો 6 અને ગુણાકાર 8 હોય તો એના માટે બે જ સંખ્યા શક્ય છે જેમાંથી એક 4 અને બીજી 2. તો તેના ઘનનો સરવાળો $(4)^3+(2)^3=64+8=72$.

પ્ર.૭ જો $a+b=8$ અને $ab=32/3$ હોય તો $a^3+b^3$ ની કિંમત કેટલી થાય?

(a) 256 (b) 264 (c) 324 (d) 343

જવાબઃ (a) 256. ઉપરના પ્રશ્ન પ્રમાણે સૂત્રની મદદથી ઉકેલ મળી શકે.

પ્ર.૮ જો $a-b=5$ અને $ab=6$ હોય તો $a^3-b^3$ ની કિંમત કેટલી થાય?

(a) 215 (b) 217 (c) 342 (d) 344

જવાબઃ (a) 215.

$(a-b)^3=a^3-b^3-3ab(a-b) \rightarrow (5)^3=a^3-b^3-3(6)(5) \rightarrow a^3-b^3=125+90=215$

પ્ર.૯ જો $a+b=7$ અને $ab=12$ હોય તો $a^2-ab+b^2$ ની કિંમત કેટલી થાય?

(a) 13 (b) 15 (c) 21 (d) 25

જવાબઃ (a) 13.

$(a+b)^2=a^2+b^2+2ab \rightarrow (7)^2=a^2+b^2+2(12) \rightarrow a^2+b^2=49-24=25$

તેથી, $a^2-ab+b^2=(a^2+b^2)-ab=25-12=13$

પ્ર.૧૦ જો $a^2+b^2=135$ અને $ab=7$ હોય તો $a^3-b^3$ ની કિંમત કેટલી થાય?

(a) 1562 (b) 1264 (c) 1324 (d) 1342

જવાબઃ (a) 1562.

$(a-b)^2=a^2+b^2-2ab=135-2(7)=121 \rightarrow (a-b)=11$

$(a-b)^3=a^3-b^3-3ab(a-b) \rightarrow (11)^3=a^3-b^3-3(7)(11) \rightarrow a^3-b^3=1331+231=1562$

પ્ર.૧૧ જો $(x-3)^2+(y-5)^2+(z+7)^2=0$ હોય તો $2x+y+z$ ની કિંમત કેટલી થાય?

(a) 1 (b) 4 (c) 8 (d) -4

જવાબઃ (b) 4

આપણે જાણીએ છીએ કે કોઈ પણ સંખ્યાનો વર્ગ હંમેશા ધન જ હોય અને અહી આપેલા સમીકરણ પરથી કહી શકાય કે વર્ગોનો સરવાળો ત્યારે જ શૂન્ય થાય જયારે તે સંખ્યા પોતે શૂન્ય હોય. તેથી આપણે $x=3, y=5$ અને $z=-7$ લઈએ તો $2x+y+z=2(3)+5-7=4$

પ્ર.૧૨ જો $x^2+y^2+z^2=259$ અને $x+y+z=19$ હોય તો $xy+yz+zx$ ની કિંમત કેટલી થાય?

(a) 42 (b) 43 (c) 51 (d) 49

જવાબઃ (c) 51

$(x+y+z)^2=x^2+y^2+z^2+2(xy+yz+zx) \rightarrow 2(xy+yz+zx)=(19)^2-259=102$

$xy+yz+zx=102/2=51$

પ્ર.૧૩ જો $xy+yz+zx=40$ અને $x+y+z=9$ હોય તો $x^2+y^2+z^2$ ની કિંમત કેટલી થાય?

(a) 1 (b) 4 (c) 3 (d) 2

જવાબઃ (a) 1

$(x+y+z)^2=x^2+y^2+z^2+2(xy+yz+zx) \rightarrow x^2+y^2+z^2=(9)^2-2(40)=81-80=1$

પ્ર.૧૪ જો $a^2+b^2+c^2=250$ અને $ab+bc+ca=3$ હોય તો $a+b+c$ ની કિંમત કેટલી થાય?

(a) 24 (b) 16 (c) 9 (d) 15

જવાબઃ (b) 16

$(a+b+c)^2=a^2+b^2+c^2+2(ab+bc+ca) \rightarrow (a+b+c)^2=250+2(3)=256$

$a+b+c=\sqrt{256}=16$

# સનાતન ગર્વ, મહાકુંભ પર્વ-મહાકુંભ ૨૦૨૫, પ્રયાગરાજ



મનન ચિંતન



ભરત બાવીશી

સનાતન ધર્મની આસ્થાનું ગર્વ અને સમસ્ત માનવજાતિની સમરસતાનું પર્વ એટલે મહાકુંભ પર્વ. આમ તો દર ૧૨ વર્ષે મહાકુંભ મેળાનું આયોજન થાય છે પણ આ વર્ષે પવિત્ર પ્રયાગ નગરીમાં આયોજિત મહાકુંભ ૨૦૨૫ ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી ૪૬ દિવસ ચાલનારો સનાતન ધર્મનો સીમાચિન્હ ઉત્સવ ધાર્મિક અને ખગોળીય દષ્ટિએ ૧૪૪ વર્ષે યોજાતી અલભ્ય, અલૌકિક અને અનન્ય સંગમની યુતિ છે. આપણી પવિત્ર નદીઓ ગંગા, યમુના અને સરસ્વતીનું સંગમ સ્થાન એટલે ઉતર પ્રદેશની આ પ્રયાગરાજની પવિત્ર ભૂમિ. એવું કહેવાય છે કે માઘમાં જ્યારે સૂર્ય મકર રાશિમાં જાય છે ત્યારે બધા જ તીર્થરાજ પ્રયાગ આવે છે. દેવતા, દૈત્ય, કિન્નર અને મનુષ્યોના સમૂહ બધા જ આદરપૂર્વક ત્રિવેણીમાં સ્નાન કરીને ધન્યતા અનુભવે છે. સહસ્ત્રમ કાર્તિકે સ્નાનમ, માઘ સ્નાન શતાનીચ, વૈષાખે નર્મદા કોટીઃ કુંભ સ્નાનેન તત્ફલમ. અર્થાત કાર્તિકમાં તીર્થ સ્થાનનું ફળ હજાર ગણું મળે છે, માઘમાં સો ગણું મળે છે. વૈશાખીમાં નર્મદા મૈયાનું સ્નાન કરોડ ગણું ફળ આપે છે.આ બધા મહિના અને તીર્થોમાં મળનાર સ્નાનનું ફળ મહાકુંભમાં તરત જ મળી જાય છે. આવું ધાર્મિક મહત્વ ધરાવતા કુંભમેળામાં કરોડોની સંખ્યામાં લોકો દેશ વિદેશથી આવી રહ્યા છે. ત્યારે પરમાત્માની પરમ કૃપાથી માતા-પિતાના આશીર્વાદથી આ અલૌકિક અને અવિસ્મરણીય અવસરમાં સજોડે સહભાગી થવાનો અવસર પ્રાપ્ત થયો. ત્યાં જોયેલી, જાણેલી અને જાતે અનુભવેલી કેટલીક યાદગાર વાતોની આછેરી ઝલક પ્રસ્તુત કરવાનો પ્રયાસ કર્યો છે. મહાકુંભમાં પવિત્ર સ્નાન કુલ ૪૬ દિવસ ચાલનાર છે એમાં કુલ ૬ સ્નાનનો વિશેષ મહિમા હોય છે. એ પૈકી આ લખાય છે ત્યાં સુધીમાં આવા ૫ સ્નાન પૂર્ણ થઈ ચૂક્યા છે. જેમાં સૌથી પહેલું સ્નાન ૧૩ જાન્યુઆરી સોમવાર ને પોષી પૂનમનું હતું, પછી ૧૪ જાન્યુઆરી ઉતરાયણનું પ્રથમ રાજશી સ્નાન હતું, ત્યારબાદ બીજું રાજશી સ્નાન ૨૯ જાન્યુઆરી બુધવાર મૌની અમાસનું હતું. ત્રીજું રાજશી સ્નાન ૩ ફેબ્રુઆરી ને સોમવાર વસંત પંચમીનું હતું. ત્યાર બાદ સ્નાન પર્વ ૧૨ ફેબ્રુઆરી બુધવાર માઘ પૂર્ણિમાનું હતું. આ મહત્વના પાંચ સ્નાન પર્વો સહિત આ મહાકુંભમાં અત્યાર સુધીમાં લગભગ ૫૦ કરોડ શ્રદ્ધાળુઓએ આ પવિત્ર ભૂમિમાં પધારીને સ્નાનનો લ્હાવો લીધો છે અને હવે આજથી દસ દિવસ બાકી બચ્યા છે જેમાં અંતિમ સ્નાન પર્વ ૨૬ ફેબ્રુઆરીને બુધવાર મહા શિવરાત્રિનું હશે. ત્યાં સુધીમાં મીડિયાના અહેવાલો મુજબ હજી અંદાજે વીસ પચીસ કરોડ લોકો લાભ લેશે એટલે કે બધા મળીને કુલ ૭૦ થી ૭૫ કરોડ લોકો કોઈ એક જ જગ્યાએ આવીને આટલા દિવસોમાં સ્વેચ્છાએ સ્નાન કરે એ આ એકવીસમી સદીની જ નહિ પણ માનવ જાતિના ઈતિહાસની આ પ્રથમ ઘટના ગણાશે. અને આ જગતમાં હાલ હયાત લોકો જીવનપર્યંત હવે આવી યુતીનો લાભ લઈ શકશે નહિ એ હકીકત છે. આવા મહામેળામાં માનવ મહેરામણ હિલોળે ચડ્યું છે. અહીની વ્યસ્થાની વાત કરું તો બાય રોડ પ્રયાગરાજ પહોચવાના અલગ અલગ ૭ મુખ્ય માર્ગો છે. રેલવે માર્ગ માટે આસપાસમાં કુલ ૯ સ્ટેશન બનાવેલ છે અને હવાઈ માર્ગ માટે એરપોર્ટની સુવિધા ઉપલબ્ધ છે. કુલ ચાર હજાર હેક્ટર વિસ્તારમાં મેળો ફેલાયેલ છે. પ્રયાગરાજ શહેરથી મેળા સુધી જવાના દરેક એન્ટ્રી પોઈન્ટ અને ત્યાંથી સંગમ સુધીમાં ૧૨૦ પાર્કિંગ બનેલા છે. જ્યાંથી રીક્ષા, ટેક્સી, બાઈક અને ટેમ્પો જેવા વાહન ભાડે મળી રહે છે. રહેવા માટે ટેન્ટ સિટીમાં એક લાખ સાઈઠ હજાર જેટલા ટેન્ટની વ્યવસ્થા કરેલી છે. આ ઉપરાંત સાધુ સંતોની શિબિર, તીર્થ પુરોહિતની શિબિર ઉપરાંત સરકારી આવાસમાં વીસ હજાર લોકોને રહેવાની વ્યવસ્થા છે. આ ઉપરાંત પ્રયાગરાજ નગરીમાં અઢીસો જેટલી હોટેલો છે. દોઢ લાખ સૌચાલય, હજારો પાણીના સ્ટેન્ડ, ગટર લાઈન વગેરે વ્યવસ્થા ઊભી કરેલી છે. સતર્કતા અને સુરક્ષા માટે ૨૭૫૦ સીસીટીવી કેમેરા લગાવેલા છે. મેળાનું ક્ષેત્ર કુલ ૨૫ સેક્ટરમાં ફેલાયેલું છે. જેમાં ભારત ભરની સનાતન ધર્મની નાની મોટી જગ્યાઓના પંડાલ અને અખાડામાં રાત દિવસ ભજન અને ભોજનની આહલેક જોવા મળે છે. જેના દર્શન દુર્લભ હોય તેવા પવિત્ર સંતો અને યોગી મુનિઓના દર્શન થાય છે. સ્નાન માટે સંગમ પર અસ્થાયી ઘાટ છે. ગંગા યમુના કિનારે આઠ પાકા ઘાટ છે. બન્ને નદીના કિનારે બાર કિ.મી. અસ્થાયી ઘાટ બનાવેલા છે. મુખ્ય ઘાટ એટલે સંગમ સ્નાન સ્થળ જ્યાં ગંગા, યમુના અને સરસ્વતી નદીના સંગમ આગળ સ્નાનનું વિશેષ મહત્વ છે. તેની નજીક બડે હનુમાન મંદિર, અક્ષય વટ, શંકર વિમાન મંડપ વગેરે દર્શનીય સ્થળો છે. રોજના લાખો કરોડો લોકો હજારો કિ.મી. અંતર કાપીને જ્યાં આવીને સ્નાન કરીને ભજન ભોજનમાં રસ તરબોળ થઈ જતાં હોય, અનેક ઉચ્ચ અભ્યાસ કરેલા યુવાનો દીક્ષા ગ્રહણ કરી લેતા હોય એવું આ સદીનું અતિ પાવનકારી પવિત્ર પર્વ એટલે પ્રયાગરાજ મહાકુંભમાં મહાકાલની મહેરબાની થાય તો જવા જેવું ખરું. અનેક ઉદ્યોગપતિઓ, સેલિબ્રિટીથી લઈને સામાન્ય લોકો જ્યાં પહોંચીને અલખની આરાધના કરીને હર હર ગંગે, હર હર મહાદેવના નાદ સાથે સંગમમાં સ્નાન કરે છે તેના સાક્ષી બનવું અને આ પવિત્ર અને પુણ્યશાળી પર્વના દર્શન કરવા માત્રથી ધન્ય થઈ જવાય છે. બાકી તો આવો યાદગાર અવસર આખું આયખું હવે મળવાનો નથી.

જય મહાકુંભ.. હર હર મહાદેવ.

# અમુલની સફળતા - પાયાના પથ્થર કોણ ??





ઝાકળનું એક બિંદુ



હિરેન હિરપરા

આજે દેશ અને વિદેશમાં અમુલ બ્રાન્ડે પોતાની સફળતા હાંસલ કરી છે. ગુજરાત સહિત દેશના ગામડાઓમાં પશુપાલન વ્યવસાય મારફતે શ્વેત ક્રાંતિના મંડાણ સહકારી ક્ષેત્ર મારફતે થયા અને આજે રોજગારીની વિશાળ તકો ઉભી થઈ છે, દેશના લોકો માટે પ્રાચીન પરંપરાઓ હોય કે ઈતિહાસ ઉજાગર કરતી ઘટનાઓ હોય આવી ઘટનાઓ ઈતિહાસના સોનેરી અક્ષરોએ પાનાઓ ઉપર અંકિત હોય છે, પરંપરાઓ અને ઈતિહાસને ભુલવવા માટે પશ્ચિમી સંસ્કૃતિ જન-માનસ ઉપર હાવી બનતી જાય છે. કોઈપણ દેશ, સમાજ, જ્ઞાતિ-જાતિ-પરિવારો પોતાના આદર્શો, સંસ્કાર અને સંસ્કૃતિ ભુલે છે. ક્રમશઃ તેનું પતન થાય છે.

'દૂધ પીતા હૈ ઈન્ડીયા'એ અમુલની સ્થાપનામાં કોનો ફાળો મહત્વનો છે એ વાતો વિસરાઈ ગઈ છે. ત્યારે વાંચતા વાંચતા એવું લાગ્યું કે સંજોગના વાંચકો સમક્ષ પણ આ ઘટનાઓ મુકવા જેવી છે. મધ્ય ગુજરાતના આણંદ ખાતે તા.૨૨ ઓક્ટોબર ૧૯૦૩ના રોજ કિશીભાઈ પટેલને ત્યાં દીકરાનો જન્મ થાય છે. તેનું નામ ત્રિભુવન રાખવામાં આવે છે. ખેડૂત પરિવારમાં જન્મેલા ત્રિભુવને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આણંદમાં લીધું હતું. જયારે બાકીનો અભ્યાસ તેઓએ ગુજરાત વિદ્યાપીઠમાં કર્યો હતો. દેશ અંગ્રેજોની ગુલામીથી મુક્ત થવા માટે સ્વાતંત્ર્યતાની લડાઈ લડી રહ્યો હતો ત્યારે દેશના ક્રાંતિવીરો અને અનેક નવલોહિયા યુવાનો ભારત માતાને કેદની ઝંઝીરોમાંથી મુક્ત કરાવવા આંદોલનો ચલાવી રહ્યા હતા. તે સમયે રાષ્ટ્રીય કોંગ્રેસના સભ્ય તરકે સત્યાગ્રહની નાની-મોટી તમામ લડતોમાં ત્રિભુવનદાસે ભાગ લીધો હતો. અને અનેક વખત જેલવાસ પણ ભોગવ્યો હતો.

૧૯૪૦ ના દાયકાઓમાં તેમણે આઝાદીના લડવૈયા અને લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખેડા જિલ્લામાં ખેડૂતો અને ખેતમજૂરો સાથે કામ કરવાનું શરૂ કર્યું. અને જિલ્લાના ખેડૂતો-પશુપાલકોને પશુપાલન સાથે દૂધની આવક મળી રહે તે માટે ૧૯૪૬માં ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની સ્થાપના કરવામા આવી. ત્રિભુવનદાસ પટેલે ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘની પ્રવૃત્તિને આગળ વધારવા માટે ૧૯૫૦માં વર્ગીસ કુરીયનને નોકરી ઉપર રાખવામાં આવ્યા. ત્રિભુવનદાસ પટેલના માર્ગદર્શન અને સહકારીતાના નેતૃત્વમાં આણંદ ખાતે ગુજરાત સહકારી માર્કેટીંગ ફેડરેશન, રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (એન.ડી.ડી.બી.) સહિતની સંસ્થાઓની સ્થાપના કરીને ગામડાઓમાં રોજગારી અને ક્રાંતિ માટેની ખુબ મોટી ભૂમિકા ભજવી. ૧૯૬૩માં ત્રિભુવનદાસ પટેલને રેમન મેગ્સેસ એવોર્ડ કોમ્યુનિટી લિડરશીપ માટે આપવામાં આવ્યો. શ્વેત ક્રાંતિના પાયાના પથ્થર સમા ત્રિભુવનવદાસ પટેલને ૧૯૬૪માં પદ્મભુષણથી સન્માનીત કરવામાં આવ્યા. તેઓ બે વખત રાજયસભાના સભ્ય રહીને ગ્રામો-ઉત્થાન અને સહકારી પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે સતત પ્રયત્ન કરતા રહ્યા હતા. અનેક સંસ્થાઓના સફળ સંચાલક રહ્યા સાથે-સાથે આઝાદીની લડતથી લઈને લોકશાહી શાસન વ્યવસ્થાના તેઓ સક્રિય આગેવાન રહ્યા. રહ્યા. અનેક સંસ્થાઓ પોતાના નેતૃત્વમાં આગળ વધી રહી હતી ત્યારે નવી પેઢીને નેતૃત્વ આપવાની નેમ સાથે ૧૯૭૦ માં રાજીનામુ આપીને સહકારી અને જાહેર ક્ષેત્રમાંથી નિવૃત્તિ લીધી હતી. સ્વૈચ્છાએ નિવૃત્તિ સમયે ખેડા જિલ્લાઓની મંડળીઓએ ૮ લાખથી વધુ રકમ એકત્રીત કરીને ભેટ આપી ત્યારે તેઓએ ખેડા જિલ્લાના બાળકો અને મહિલાઓના કલ્યાણ માટે સંસ્થા બનાવીને આ રકમ ભેટમાં આપી. આજે શ્વેત ક્રાંતિના પાયાના સ્થાપક ત્રિભુવનદાસ પટેલને નવી પેઢીએ વાંચવા રહ્યા, સમજવા રહ્યાં. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા આણંદ ખાતે ગ્રામીણ અને પશુપાલન ક્ષેત્રના અભ્યાસક્રમો માટે ત્રિભુવન સહકારી યુનિવર્સિટી સ્થાપવા માટે સંસદમાં બિલ રજૂ થયું છે. ગુજરાત અને દેશ માટે સહકારી ક્ષેત્રની પ્રથમ યુનિવર્સિટી બનશે.

**તિખારો**

**સંસ્કાર મેળવવાની કયાંય પાઠશાળા કે કોલેજો નથી. જયારે હિંમત કયાંય ભાડે મળતી નથી કે તેના ઈંજેકશન નથી. આ બન્ને પરિવારની ખાનદાનીમાંથી વારસામાં મળે છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી.આર.ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોન: ૯૨૭૫૭ ૦૮૩૪૨

**ઘઉં:** ગાભમારાની ઈયળ તથા લીલી ઇયળનો ઉપદ્રવ જણાય તો ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી. ૨૦ મિ.લિ. અથવા ક્વિનાલફોસ ૨૫ ઈ.સી. ૨૦ મિ.લિ. પાણીમાં મિશ્રણ કરી છંટકાવ કરવો.

- ગેરૂ રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ અથવા ઝાયનેબ દવા ૧૦ લિટર પાણીમાં ૨૫ થી ૩૦ ગ્રામ ભેળવી છંટકાવ કરવો. જરૂર પડ્યે બીજો છંટકાવ ૧૦ દિવસ બાદ કરવો.
- હજુપણ ઘણા ખેડૂતભાઈઓ ઘઉંનું વાવેતર કરે છે. તેના માટે ખાસ સૂચના કે તેઓ વહેલી પાકતી જાતોનું જ વાવેતર કરે.



- દાણા પર કાળી ટપકીના નિયંત્રણ માટે મેન્કોઝેબ અથવા હેક્ઝાકોનેઝોલ અથવા પ્રોપીકોનેઝોલ પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.

ઘઉંના પાકની ડુંડીઓ સુકાવાનું ખરું કારણ ફ્રોસ્ટ ઇન્જરી છે એટલે રાત્રિ દરમિયાન તાપમાન ખૂબ નીચું જવાથી તેમજ ઘઉંની ડુંડી નિઘલ્યાં બાદ ઉપરથી રાસાયણિક ખાતર નાખવા કે છંટકાવથી ઘઉંના પાકને ઈંજરી થાય છે. આ માટે કોઈ બિનજરૂરી ફૂગનાશક દવાઓનો છંટકાવ કરવો નહીં કે ખાતર આપવું નહિ.

**કાળા ટપકાંનો રોગ: ઓળખ:** ફૂગથી થતો આ રોગ મોડા વાવેતર કરેલ ઘઉંમાં આવવાની શક્યતા વધુ હોય છે. રોગીસ્ટ દાણાના ભૃણનો ભાગ કાળો પડી દાણાની ચમક ઘટાડે છે. જેને કારણે બજાર ભાવ ઓછા મળે છે.

**રોગ વ્યવસ્થાપન:** ઘઉંનું મોડું વાવેતર ન કરવું. છેલ્લું પિયત આપતી વખતે ક્યારામાં પાણી વધારે પડતું ભરાઈ ન રહે તે જોવું. રોગ નિયમિત આવતો હોય તો દાણા બેસવાના સમયે મેન્કોઝેબ ૭૫ વે.પા. (૨૭ ગ્રામ/૧૦ લિટર પાણી) મુજબનો છંટકાવ કરવો.

**અળસી અને પાન ખાનાર ઈયળ**

ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૨ મિ.લિ. ૧ લિટર પાણીમાં ભેળવી ઝારા વડે દર ચોરસ મીટર દીઠ ૨ લિટરના દરે ધરૂવાડીયુ નાખ્યા બાદ દસ દિવસે જમીનમાં આપવું. બીનરાસાયણિક ઉપાય તરીકે લીમડાના ૧ કિ.ગ્રા. પાનનો અર્ક ૧૦ લિટર પાણીમાં ભેળવી આ દ્રાવણ જમીનમાં ચૂસાય તે રીતે આપવું.

**તલ :** તલના પાન કુકડાઈ ન જાય તે માટે તેમાં આવતી જીવાતના નિયંત્રણ માટે ગંધક ૩૦૦ મેષ ભૂકી અથવા ફેનાઝાક્વિન ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**રાઈ :** રાઈ પાકમાં મોલો-મશીના નિયંત્રણ માટે થાયામેથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ અથવા ટોલ્ફેનપાયરાડ ૧૫ ઇસી ૨૦ મિ.લિ. અથવા ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લિ. અથવા એસીટામિપ્રીડ ૨૦ એસપી ૩ ગ્રામ અથવા સ્યાન્ટ્રાનીલીપ્રોલ ૧૦.૨૬ ઓડી ૩ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.

**રજકો:** પાન ખાનાર ઈયળના નર ફુદાંને આકર્ષવા ફેરોમોન ટ્રેપ ગોઠવવા.

- પાન ખાનાર ઈયળના નિયંત્રણ માટે ક્લોરપાયારીફોસ ૨૦ ઇસી ૨૦ મિ.લિ. અથવા ડાયક્લોરવોસ ૭૬ ઇસી ૭ મિ.લિ. અથવા ફેનવાલરેટ ૧૦ ઇસી ૧૦ લિટર પાણીમાં ભેળવી સાંજના સમયે છંટકાવ કરવો.

**ધાણા: ભૂકી છારો:**





**ઓળખ:** ધાણામાં આ રોગ ફૂગના બીજાણુઓ મારફ્ત ફેલાય છે. જેમાં રોગગ્રસ્ત છોડના નીચેના પાન પર સફેદ છારી જોવા મળે છે. ઠંડા અને ભેજવાળા વાતાવરણમાં થડ, ડાળી અને પાન પર પણ સફેદ ફુગનું આવરણ જોવા મળે છે. દૂરથી જોતાં છોડ રાખોડીયા રંગનો જોવા મળે છે. રોગની તીવ્રતા વધુ હોય તો ઘણી વખત ધાણામાં દાણા પર પણ સફેદ છારીનું આવરણ જોવા મળે છે. જેના લીધે દાણા ચીમળાઈ જાય છે અને કદમાં નાના રહે છે. આથી વજન ઓછું થાય છે. આ રોગ જો ફુલ અવસ્થાએ લાગુ પડે તો વધારે નુકસાન થાય છે. પરંતુ, દાણા ભરાવાની અવસ્થાએ લાગે તો સરખામણીએ ઓછું નુકસાન થાય છે.

**રોગ વ્યવસ્થાપન:** રોગની શરૂઆત થાય કે તરત જ દ્રાવ્ય ગંધક ૮૦ વે.પા. (૨૫ ગ્રામ/૧૦ લિટર પાણી) અથવા હેક્ઝાકોનાઝોલ ૫ ઈ.સી. (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી) મુજબનું દ્રાવણ બનાવી ૧૫ દિવસના અંતરે બે થી ત્રણ છંટકાવ કરવા. દાણાની પાકટ અવસ્થાએ ૩૦૦ મેશ ગંધકની ભૂકી એક હેકટરે ૨૦ કિલોગ્રામ મુજબ છંટકાવ કરી શકાય.

**જીરૂ : ભૂકી છારો:**



**ઓળખ:** ફૂગથી થતો આ રોગ જીરૂમાં ફુલ અવસ્થાએ જોવા મળે છે. શરૂઆતમાં છોડના નીચેના પાન અને થડ પર સફેદ છારી જેવું આવરણ જોવા મળે છે. સમય જતા ફુગની વૃદ્ધિ છોડના જમીન ઉપરના બધા જ ભાગો પર જોવા મળે છે. પરિણામે છોડ પર સફેદ પાવડર છાંટેલ હોય તેવું દૂરથી દેખાય છે. જે સમય જતાં રાખોડી રંગમાં ફેરવાઈ જાય છે. રોગ લાગેલ છોડનો વિકાસ અટકે છે. તેમજ ફૂલ ખરી જવાને કારણે દાણા બેસતા નથી. બેસે તો ચીમળાયેલા, વજનમાં હલકા અને અવિકસિત રહે છે. પરિણામે દાણાની ગુણવત્તામાં ઘટાડો થાય છે અને ઉત્પાદન ઓછું મળે છે.

**રોગ વ્યવસ્થાપન:** સંરક્ષણાત્મક પગલા તરીકે પાક ફૂલ અવસ્થાએ આવે અથવા રોગની શરૂઆત થાય કે તુરત જ દ્રાવ્ય ગંધક ૮૦ વે.પા. (૨૫ ગ્રામ/૧૦ લિટર પાણી) અથવા હેક્ઝાકોનાઝોલ ૫ ઈ.સી. (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી) અથવા મેટીરામ ૫૫ પાયરેક્લોસ્ટ્રોબિન ૫ ડબલ્યુ.જી. (૩૦ ગ્રામ/૧૦ લિટર પાણી) મુજબનું દ્રાવણ બનાવી બે થી ત્રણ છંટકાવ વારાફરતી કરવા.

- જીરાના પાકને ૨૦૦-૨૫૦ મિ.લિ. પાણીની જરૂર પડે છે. જીરાના પાકનું પિયત એ જોખમી પાસુ છે જેથી વાદળછાયું અને ભેજવાળુ વાતાવરણ હોય ત્યારે કોઈપણ સંજોગોમાં પિયત ન આપવું. જીરાને ધીમે ધીમે હલકા પિયત આપવા. વિસ્તાર અને ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે પાકને પિયતની જરૂરીયાત જુદી જુદી રહે છે.
- મોલોમશીનો ઉપદ્રવ જણાય તો શોષક પ્રકારની દવાનો છંટકાવ કરવો. અથવા ડીનોકેપ ૪૮ ઈ.સી. ૧૦ મિ.લિ. અથવા ગંધક ૮૦% વેટેબલ પાવડર ૨૫ ગ્રામ અથવા ૩૦૦ મેશનો ગંધક પાવડર હેકટરે ૧૫ થી ૨૦ કિ.ગ્રા. અથવા પ્રોપીકોનેઝોલ અથવા હેક્ઝાકોનેઝોલ ૧૦ મિ.લિ. છંટકાવ કરવો.
- જીરૂમાં ચરમી રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૭૫% વેટેબલ પાવડર ૨૫ ગ્રામ મુજબ ઓગાળી છંટકાવ કરવો.

**ધાણા અને મેથી**

- ધાણા અને મેથીના પાક માટે ૨૦ કિલોગ્રામ નાઈટ્રોજન વાવેતર બાદ ૪૦ થી ૪૫ દિવસે પૂર્તિ ખાતર તરીકે આપવો.

**લસણ :** જો શ્રમયોગીઓની અછત હોય અને નીંદણો વધારે પ્રમાણમાં થતાં હોય ત્યાં સંકલીત નીંદણ નિયંત્રણ માટે નિંદામણનાશક ઓક્સીડાયઝોન (૨.૦ લિટર) ૦.૫૦૦ કિ.ગ્રા. સક્રિય તત્વ (બજારમાં મળતી રોનસ્ટાર નામની દવા ૪૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં) અથવા ઓક્સીફ્લુઓરફેન (૧.૦ લિટર) ૦.૨૪૦ કિ.ગ્રા. સક્રિય તત્વ (બજારમાં મળતી ગોલ-૨-ઈ ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં) પ્રમાણે ૫૦૦ લિટર પાણીમાં ઓગાળીને પાકની વાવણી બાદ બીજા દિવસે છંટકાવ કરવો સાથે સાથે વાવણી બાદ ૪૦ દિવસે એક વખત હાથથી નિંદામણ કરવાથી નીંદણોનું અર્થક્ષમ અને અસરકારક નિયંત્રણ થઈ શકે છે.



**ડુંગળીનું ધરું ઉછેર : સેન્દ્રીય અને રાસાયણિક ખાતર : એક ગુંઠા ધરૂવાડીયાના વિસ્તાર માટે :**

- ૫૦ થી ૭૦ કિ.ગ્રા. છાણીયું કે ગળતીયું ખાતર અથવા ૧૦ કિ.ગ્રા. દિવેલીનો ખોળ
- ૫૦૦ ગ્રામ નાઈટ્રોજન, (એમોનિયમ સલ્ફેટ ૨.૫ કિલો)
- ૫૦૦ ગ્રામ ફોસ્ફરસ (ડીએપી ૧.૦ કિલો) ગાદી ક્યારા તૈયાર કર્યા બાદ બીજની વાવણી પહેલા પુંખીને પંજેઠી મારી જમીન સાથે ભેળવી દેવું.
- બીજના ઉગાવા બાદ ૧૫ થી ૨૦ દિવસ પછી ૫૦૦ ગ્રામ નાઈટ્રોજન એમોનિયમ સલ્ફેટના રૂપમાં આપવું.
- ધરૂવાડીયાની જમીનમાં ઝીંક અને લોહતત્વની ઊણપ જણાતી હોય છે માટે એક ગુંઠામાં ૪૦૦ ગ્રામ ફેરસ સલ્ફેટ, ૨૦૦ ગ્રામ ઝીંક સલ્ફેટ અને ૧૦૦ ગ્રામ બોરેક્ષને જમીન તૈયાર કરતી વખતે પાયામાં આપવું.

**શાકભાજી:**

- ગલકા માટે પુસા ચીકની, ગુજરાત ગલકા-૧, પુસા સૂપીયાનું વાવેતર કરવું.
- દુધી: જૂનાગઢ લોંગ ટેન્ડર, પૂસા નવીન, પૂસા સમર પ્રોલીફીક લોંગ, અર્કા બહાર, પૂસા મેઘદૂત, પંજાબલોંગ, પંજાબ ગોળ, આણંદ દુધી – ૧, પૂસા સંકર - ૩ નું વાવેતર કરવું.
- તુરિયા: ગુજરાત જૂનાગઢ સંકર તુરીયા -૧, પુસા નસદાર, ગુજરાત આણંદ તૂરીયા-૧ નું વાવેતર કરવું.
- ભીંડા માટે ગુજરાત ભીંડા-૨, ગુજરાત આણંદ ભીંડા-૫, વર્ષા ઉપહાર, પુસા મખમલી, ગુજરાત જૂનાગઢ ભીંડા-૩, ગુજરાત જૂનાગઢ ભીંડા સંકર-૨, ગુજરાત જૂનાગઢ ભીંડા સંકર-૩ નું વાવેતર કરવું.

**વેલાવાળા શાકભાજી : પરવળમાં ઈયળના નિયંત્રણ માટે**

- જીવાતમુક્ત વેલાની રોપણી માટે પસંદગી કરવી.
- ઉપદ્રવિત વેલાઓ કાપી લઈ તેને જમીનમાં ઊંડે દાટી નાશ કરવો.
- વેલાની ફરતે કાર્બોફ્યુરાન ૩ થી ૫ ગ્રામ / વેલા પ્રમાણે રોપણીના ૧૫ દિવસ બાદ આપવું.
- વેલા પર ગુંદરની ગાંઠો ઉખેડી તેના ઉપર થાયોડીકાર્બ ૭૫ વેપા ૫૦૦ ગ્રામ એક લિટર પાણીમાં મિશ્ર કરી પેસ્ટ બનાવી વેલા પર ચોપડવી.

# એરંડાના પાકમાં ઉભરતો નવો રોગ : ગ્રે (રાખોડી) મોલ્ડનો પરિચય અને તેનું સંકલિત રોગ નિયંત્રણ

શ્રી. એચ.એ.શેખડા, ડો. સી.એમ.ભાલીયા અને ડો. ડી.એસ.કેલૈયા
વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

એરંડા એ એક આર્થિક રીતે મહત્વનો તેલીબિયા પાક છે. જે યૂફોર્બિયેસી પરિવારનું સભ્ય છે. એરંડાના તેલનો ઉપયોગ ૭૦૦ થી વધુ ઔદ્યોગિક ઉત્પાદનમાં થાય છે. તેલમાં ૮૫% રિસિનોલિક એસિડ હોય છે. આ છોડને વાર્ષિક અથવા બહુવર્ષીય પાક તરીકે ઉગાડી શકાય છે જે તેની માટી અને હવામાનની સ્થિતિઓ પર આધાર રાખે છે. મુખ્ય ઉત્પાદક દેશો જેવા કે ભારત, ચીન, બ્રાઝીલ, મોઝામ્બિક, ઈથોપિયા અને થાઈલેન્ડ વિશ્વના ૯૦% ઉત્પાદનમાં યોગદાન આપે છે. ભારત એ એરંડાનો અગ્રણી ઉત્પાદક દેશ છે, જે ૬૬.૫% ખેતી વિસ્તાર ધરાવે છે અને તેલની નિકાસમાંથી મહત્તમ આવક મેળવે છે. સામાન્ય રીતે એરંડાના પાકમાં બહુ ઓછા રોગ જોવા મળે છે. તેમાં ફૂગથી થતા રોગો બીજના ઉત્પાદન અને તેલની ઉપજ પર ગંભીર અસર કરે છે. એરંડા પાકમાં આવતા મુખ્ય રોગોમાંથી ગ્રે (રાખોડી) મોલ્ડ એ એક ઉભરતો નવો રોગ છે. આ રોગના કારણે પાકની ઉપજમાં ભારે ઘટાડો થાય છે અને પાકની ગુણવત્તા પર પણ અસર પડે છે. જે બોટ્રીયોટીનિયા રિસિની નામની ફૂગના કારણે થાય છે. આ રોગ એરંડાના છોડના પુષ્પો અને ફળોને અસર કરે છે અને ઉપજમાં ભારે નુકસાન પહોંચાડે છે. આ રોગ પાકની ઉપજમાં ૩૦ થી ૧૦૦% સુધીનું નુકસાન કરી શકે છે. ગુજરાતમાં છેલ્લા ૧-૨ વર્ષથી આ રોગ એરંડા વાવેતર કરતા વિસ્તારમાં જોવા મળેલ છે.

**રોગનો ઈતિહાસ અને ભૂમિકા**

ગ્રે (રાખોડી) મોલ્ડ પ્રથમ વખત ૧૯૧૮માં યુએસએમાં નોંધાયો હતો, અને તેના પ્રસારના કારણે પાકની ઉપજમાં ૧૦૦% સુધીનું નુકસાન થતું જોવા મળ્યું હતું. ભારતમાં આ રોગ ૧૯૨૧માં કર્ણાટકમાં જોવા મળ્યો હતો. ભારતનાં અન્ય રાજ્યો જેવા કે તામિલનાડુ અને આંધ્રપ્રદેશમાં ૧૯૮૭ આ રોગ નોંધાયેલ હતો, જે એરંડા ઉત્પાદન પર ગંભીર અસર ધરાવતો હતો. જેના કારણે એરંડાના ઉત્પાદનમાં ભારે ઘટાડો થયો હતો. ૨૦૦૦-૨૦૦૧માં તેલંગાણા રાજ્યમાં ગ્રે (રાખોડી) મોલ્ડના કારણે એરંડાનો ખેતી વિસ્તાર ૩. ૯૨ લાખ હેક્ટર સુધી ઘટી ગયો હતો. આ રોગ રશિયા, યુક્રેન, જર્મની, થાઈલેન્ડ, જમૈકા અને મોરોક્કો જેવા દેશોમાં પણ જોવા મળ્યો છે.





**ગ્રે મોલ્ડના લક્ષણો:-**

ગ્રે (રાખોડી) મોલ્ડ રોગ મુખ્યત્વે એરંડાના ફૂલ, ફળ (કૅપ્સ્યુલ), પાંદડા અને ડાળી પર અસર કરે છે. આ રોગના પ્રારંભિક અને વિકસિત લક્ષણો નીચે મુજબ છે:

**૧. ફૂલો પર લક્ષણો:** આ રોગમાં રોગગ્રસ્ત ફૂલો પર વાદળી રંગના ધબ્બા જોવા મળે છે, જે રોગના પ્રારંભિક ચિહ્નો છે. ફૂગ ફૂલના સુકાઈ ગયેલા ભાગોમાં મજબૂત રીતે સ્થિર થાય છે, ખાસ કરીને સ્ત્રી ફૂલ, જેમાં વધુ ભેજ ટકાવાની ક્ષમતા હોવાણે લીધે આ ફૂગ તેમાં વધુ જોવા મળે છે.

**૨. ફળ (કૅપ્સ્યુલ) પર લક્ષણો:** આ રોગમાં ફળો પર ગોળ અથવા આડા લંબાયેલા સંકુચિત, ધબ્બા જોવા મળે છે. જે ધબ્બા ગાઢ અને કાળા રંગમાં રૂપાંતરિત થાય છે. જેનાથી ફળનો તૂટી જવાનો ભય રહે છે. રોગગ્રસ્ત ફળમાંથી પીળું પ્રવાહી નીકળે છે, જે ફૂગના વધુ પ્રસરણ માટે અનુકૂળ છે. રોગીષ્ટ ફળ પર સફેદ રંગનાં ફૂગના તાંતણા જોવા મળે છે. જેનાથી રોગગ્રસ્ત ફળ (કૅપ્સ્યુલ) સૂકાઈ જાય છે

**૩. પાંદડા પર લક્ષણો:** પાંદડાઓ પર ચીકણા અને ભેજવાળા ધબ્બા જોવા મળે છે. પાંદડા અસ્થિર બની જાય છે અને ઝડપથી સુકાઈ જાય છે.

**૪. ડાળી પર અસર:** આ રોગમાં ફૂલથી ફળની જોડાણવાળી ડાળી તૂટીને નીચે પડી જાય છે. આ રોગ સવારમાં ભેજના વધુ પડતા પ્રમાણને લીધે વધુ જોવા મળે છે. રોગગ્રસ્ત ડાળી પર ફૂગના તાંતણા પથરાઈ જાય છે. જેમાં સમય જતા કાળા રંગના સ્ક્લેરોશિયા વિકાસ પામે છે.

જ્યારે રોગગ્રસ્ત પાંદડાં અને ફૂલોના અવશેષ બીજા તંદુરસ્ત પાંદડાઓ પર પડે છે, ત્યારે તે ભાગો પણ ચેપગ્રસ્ત થઈ જાય છે. જો ધીમો વરસાદ અથવા ઝાકળ લાંબા સમય સુધી રહે, તો આ રોગનું પ્રમાણ વધે છે. આ રોગમાં અંતે રોગગ્રસ્ત ભાગો પર કપાસ જેવું હળવું મોલ્ડ ફેલાય છે, જે ઝડપથી છોડના અન્ય ભાગો સુધી પહોંચે છે. રોગ વધુ પ્રમાણમાં ફેલાય તો આખા ફૂલો અને ફળો સફેદ રંગના મોલ્ડથી ઢંકાઈ જાય છે.

ગ્રે (રાખોડી) મોલ્ડ માટે

**આબોહવાના પરિબળોની ભૂમિકા:-**

ગ્રે મોલ્ડ રોગના વિકાસ અને પ્રસરણ માટે ખાસ કરીને આબોહવાની પરિસ્થિતિઓ મોટી ભૂમિકા ભજવે છે. આ પરિબળો રોગના પ્રારંભથી લઈને તેના પૂરતા પ્રસરણ સુધી મદદરૂપ થાય છે.

**૧. અનુકૂળ તાપમાન:** ગ્રે (રાખોડી) મોલ્ડ માટે ૨૦ સે. થી ૨૮ સે. નું તાપમાન સૌથી વધુ અનુકૂળ છે. તાપમાન ૨૫ સે. આસપાસ હોય ત્યારે રોગ ઝડપથી ફેલાય છે. ૨૦ સે. કરતા ઓછા તાપમાને ફૂગના બીજાણુંના અંકુરણ અને વિકાસમાં વધારો થાય છે જયારે ૩૫ સે. થી વધુ તાપમાને રોગની વૃદ્ધિ ખૂબ જ ધીમી હોય છે અને ફૂગનાં બીજાણુ બનાવવાની પ્રક્રિયા ઓછા પ્રમાણમાં થાય છે.

**૨. ભેજનું પ્રમાણ અને પાંદડા ભીના રહેવાનો સમય:** ૮૦% થી વધુ ભેજના સ્તરે ફૂગની વૃદ્ધિ ઝડપથી થાય છે. જો ભેજ ૯૦% સુધી વધે, તો ફૂગના વિસ્તરણમાં વધારો થાય છે. પાંદડા પર ભેજ જો ૭૨ કલાક સુધી રહે, તો રોગની તીવ્રતા ઘણી વધે છે. વહેલી સવારે પડતી ઝાકળ ફૂગના બીજાણું માટે અનુકૂળ માધ્યમ છે.

**૩. વરસાદ:** ધીમા અને સતત આવતા વરસાદ પાંદડાં અને ફળને ભેજવાળા રાખે છે, જે રોગના વિસ્તરણ માટે શ્રેષ્ઠ પરિસ્થિતિઓ ઉભી કરે છે.

**૪. હવા અને પવન:** પવન ફૂગના બીજાણુંને ફેલાવવામાં મુખ્ય કારણભૂત પરિબળ છે. એરંડાનું વાવેતર જો ટૂંકા ગાળે કરેલ હોય તો હવાની અવરજવર ઓછી રહે છે, જે રોગના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ ઉભું કરે છે.

**૫. મોસમ (ઋતુ):** ચોમાસાની ઋતુમાં (જુલાઈ થી ઓક્ટોબર) વચ્ચેના ચોમાસાના મહિના રોગ માટે સૌથી વધુ અનુકૂળ છે. ચોમાસા દરમિયાન ભેજવાળું વાતાવરણ અને અનુકૂળ તાપમાનના કારણે આ રોગ ઝડપથી ફેલાય છે. જાન્યુઆરી અને ફેબ્રુઆરી દરમિયાન સવારે ઝાકળના કારણે પણ આ રોગ દેખાય છે.

**૬. કૃત્રિમ પરિબળો:** ઘાટું વાવેતર અને વધુ સિંચાઈના કારણે અનુકૂળ વાતાવરણ (જેમ કે પાંદડાં પર ભેજ અને ઓછી હવાની અવરજવર) રચાય છે, જે રોગને પ્રોત્સાહન આપે છે. વધુ પડતા નાઈટ્રોજનયુક્ત ખાતરના ઉપયોગથી પાકમાં વધારે કુણપ આવે છે. જે રોગ માટે અનુકૂળ બની શકે છે.

# કૃષિ ક્ષેત્રે પાક સંરક્ષણમાં બાયોટેકનોલોજીની ઉપયોગીતા

ડો. રિશી કે. કાલરીયા, ડો. હિરેન વી. પટેલ, અસ્પી શકીલમ
બાયોટેકનોલોજી ઇન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત

જુદા જુદા પરિબળો પાકના ઉત્પાદનને અસર કરતાં હોય છે. જેમાં જીવતો એક અગત્યનું પરિબળ છે. જેના નિયંત્રણ માટે ખેડૂતમિત્રો જુદી જુદી જંતુનાશક દવાઓનો વધુ પડતો ઉપયોગ કરે છે. જેના પરિણામે જીવાતોમાં જંતુનાશક દવાઓ સામે પ્રતિકારક શક્તિ વિકસાવવી, જીવાતોનો પુનઃપ્રકોપ થવો, જીવાતોના પરજીવી/પરભક્ષીઓનો અને પરાગનયનમાં ઉપયોગી કિટકોનો નાશ થવો, ખાધ પદાર્થો પર જંતુનાશક દવાઓના ઝેરી અવશેષો રહી જવાની સાથે સાથે વાતાવરણમાં પ્રદૂષણ જેવા જટિલ પ્રશ્નો ઊભા થયા છે. જેના નિરાકરણ માટે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા સંકલિત કીટ નિયંત્રણ અથવા સંકલિત જીવાત નિયંત્રણ પધ્ધતિ વિકસાવવામાં આવેલ છે. આ પધ્ધતિમાં જીનેટીક એન્જીનીયરીંગ થકી આનુવંશિક રીતે સંશોધિત પાક (જીએમ પાક)નો ઉપયોગ કરી જીવાતોનું નિયંત્રણ કરવામાં આવે છે.

જીનેટીક એન્જીનીયરીંગ (જનીનીક ઈજનેરી)
આ એક એવી પ્રક્રિયા છે જેમાં પ્રયોગશાળામાં જુદી જુદી પધ્ધતિઓનો ઉપયોગ કરીને જીવતંત્રના ડીએનએ (DNA)ના બંધારણને બદલવામાં આવે છે. પ્રવર્તમાનમાં તમામ ખેતી પાકોની રૂઢીગત પરંપરાગત પાક સુધારણાની રીતોમાં ઘણી બધી મુશ્કેલીઓ છે. જેને કારણે હઠીલી રોગ જીવાત સામે નવી પ્રતિકારક જાતો વિકસાવવાના, પાકની ગુણવત્તા સુધારવાના અને ચોક્કસ હેતુવાળા પાક–સુધારણા કાર્યક્રમો અટકી પડ્યા છે. પરિણામે છેલ્લા વર્ષોમાં પાકોની ઉત્પાદકતા એક સ્થિર કક્ષાએ આવી ગઈ છે. આ પધ્ધતિથી જરૂરીયાત મુજબનું કોઈપણ લક્ષણ એક છોડમાંથી બીજા છોડ અથવા પ્રાણીમાંથી વનસ્પતિમાં ફેરબદલી કરવાની ઉજ્જવળ તકો રહેલી છે. આવા કૃત્રિમ રીતે જનીનની ફેરબદલી પુનઃગોઠવણી દ્વારા તૈયાર કરેલ છોડને "ટ્રાન્સજેનીક છોડ" તરીકે ઓળખવામાં આવે છે. આ ટ્રાન્સજેનીક છોડનાં ઉપયોગ દ્વારા નીદામણ નિયંત્રણ રસાયણો, કીટક, વિષાણું સામે પ્રતિકારકતા ધરાવતાં છોડ, તેલીબિયાં પાકોમાં એસિડનું પ્રમાણ બદલવું, ઈચ્છા મુજબ ફળ પકવવા, ફુડ પ્રોસેસીંગ અને સંકર જાતોનાં બિયારણ વિકસાવવા ખૂબ જ સહેલું થઈ રહયું છે. આ રીતે બાયોટેકનોલોજીની અમર્યાદિત ક્ષમતાનો આપણાં ખેતી પાકોનાં પ્રશ્નો ઉકેલવામાં ઉપયોગ કરી સિધ્ધિ હાંસલ કરી શકાય તેમ છે.

**બી.ટી. બિયારણો :**

**- બીટી એટલે શું ?**

બીટી એ એક પ્રકારના બેકટેરિયા, બેસિલસ થુરીનજીયન્સીસ (Baccillus thuringiensis) છે. જે તેના સ્પોરૂલેશન દરમ્યાન એક પ્રકારનું પ્રોટીન પેદા કરે છે. આ પ્રોટીન પાકને નુકસાન કરતી મોટા ભાગની જીવાત માટે ખૂબ જ ઝેરી પુરવાર થયેલ છે. આ બેકટેરિયા સૌ પ્રથમ બર્લિનરે ૧૯૧૫ માં જર્મનીના થુરીન્જીયા પ્રદેશમાંથી શોધ્યા હતા. ત્યારબાદ તેનો છંટકાવ કરી શકાય તેવું દ્રાવણ સૌ પ્રથમ ૧૯૬૦ માં તૈયાર થયું. ત્યારબાદ બીટી ધરાવતા અનેક દ્રાવણો બજારમાં આવવા લાગ્યા. જેના છંટકાવથી જીવાતનો ઉપદ્રવ ઘટાડી શકાયો છે. આ બેકટેરિયામાં આ પ્રકારનું ઝેરી પ્રોટીન પેદા કરતા જનીન શોધી કાઢી તેને છુટું પાડી જુદા જુદા પાકો જેવા કે કપાસ, તમાકુ, મકાઈ વિગેરેમાં દાખલ કરવામાં આવ્યું. જેથી આ પ્રકારનું પ્રોટીન પાકના છોડમાં જ ઉત્પન્ન થાય છે અને તેની ઉપર જીવાતનો ઉપદ્રવ નહીંવત જોવા મળે છે. બીટી એક પ્રકારનું ઝેરી તત્વ (Endotoxin) પેદા



કરે છે. તેને (Cry) પ્રોટીન પણ કહે છે. આ પ્રકારનું પ્રોટીન જયારે ઈયળ ખાય છે ત્યારે તેના મોં વાટે તેના પેટમાં પ્રવેશે છે. જઠરની અલ્કતાને કારણે તે સક્રિય થાય છે અને જઠરના અંદરની દિવાલમાં નક્કી જગ્યાએ તે જોડાય છે ત્યારબાદ જઠરના કોષોમાં (Ion channel) અથવા છિદ્ર (Proe) કરે છે. જેથી તે કોષની દિવાલની સામાન્ય કામગીરીને અસર થાય છે. આ નુકસાનને કારણે જઠરને લકવા જેવી પરિસ્થિતિ પેદા થાય છે. તેની અસર પામેલ ઈયળ ખાવાનું બંધ કરી દે છે અને હલનચલન કરી શકતી નથી. ભુખ તથા પેશીના નુકસાનને કારણે મરણ પામે છે. તેનું ઉત્સેદન (Excreta) પાણી જેવું થઈ જાય છે. માથાનો ભાગ શરીર કરતા મોટો થઈ જાય છે અને શરીર ઘેરૂ કાળુ થઈ જાય છે.

**- પાક સંરક્ષણમાં બીટીની ભૂમિકા**

બીટી જીવંત જંતુનાશક (Bio pesticide) તરીકે હાલ બીટી સૌથી વધુ વપરાતું જીવંત જંતુનાશક છે. એકલા અમેરિકામાં ૨૦૦ થી પણ વધુ બીટીના ઉત્પાદનો નોંધાયેલા છે. ભારતમાં પણ કેટલીક કંપનીઓએ ડેલ્ફિન, ડાયપેલ, બાયોબિટ, બાયોલેપ જેવી બજારૂ નામ સાથે ખેડૂતોના ઉપયોગ માટે બજારોમાં મુકેલ છે. અત્યારના વાતાવરણની પ્રદૂષણની સ્થિતિમાં બીટીના ઉત્પાદનનો છંટકાવ ફાયદાકારક માલુમ પડેલ છે. બીટીના ઝેરી પ્રોટીનને અલગ તારવી તેને લગતા રસાયણો બનાવવાથી અમુક ચોક્કસ પ્રકારની જીવાત સામે રક્ષણ મેળવી શકાય છે. તદઉપરાંત અન્ય બેક્ટેરિયામાં પણ બીટીમાંનું ઝેરી પ્રોટીન પેદા કરતું જનીન દાખલ કરી તેની તિવ્રતામાં વધારો કરી શકાય છે.

**- બીટી ટ્રાન્સજેનીક છોડ**

બીટી આધારિત દ્રાવણની અમુક મર્યાદાઓ જેવી કે ઓછા સમયમાં તેની કાર્યક્ષમતા ગુમાવવી, જીવાત સુધી પહોંચી શકતું નથી અને તેની યોગ્ય સંખ્યા જળવાતી નથી. જેથી જરૂરી કાર્યક્ષમતા મેળવી શકાતી નથી અને તેને વાતાવરણના વધુ તાપમાનની અસર થવાથી બિનકાર્યક્ષમ બને છે. આ તમામ ખામીઓને ધ્યાને લઈ આ પ્રોટીન પેદા કરતું જનીન પાકના છોડમાં દાખલ કરતા, પાકના દરેક કોષમાં આ તત્વનું ઉત્પાદન થાય છે. જેથી તેની દરેક ખામી દૂર કરી શકાય છે. શરૂઆતમાં જનીન (Cry) નું યોગ્ય એક્સપ્રેસન મળતું ન હતું. પરંતુ તેમાં સુધારા કરીને નવા (Cry 1AB) અને (Cry 1 AC) જનીન મેળવી શકાયા છે. જેનું સારૂં પરિણામ મળે છે. અત્યારે લગભગ ૩૦ પ્રકારના છોડમાં આ જનીન સફળતાપૂર્વક દાખલ કરી શકાયું છે. ૧૯૯૬માં દુનિયાની સૌ પ્રથમ (Cry) જનીન ધરાવતી કપાસની જાત (Bollgard )મોન્સેન્ટો કંપની દ્વારા બજારમાં મુકવામાં આવી જે કપાસના જીંડવાની ઈયળો સામે પ્રતિકારકશક્તિ ધરાવે છે. ત્યારબાદ બટાકા અને મકાઈમાં પણ વ્યાપારી ધોરણે જાતો વિકસાવવામાં આવેલ છે. ભારતમાં કપાસ ઉપરાંત ડાંગર, બટાકા અને શાકભાજીમાં આ જનીન સફળતાપૂર્વક દાખલ કરવામાં આવેલ છે. જે પાકની અગત્યની જીવાત સામે પ્રતિકારક શક્તિ ધરાવે છે.

**બીટીના ફાયદા:-**

- જંતુનાશક દવાઓનો વપરાશ ઓછો થવાથી વાતાવરણના પ્રદૂષણને ઘટાડે છે અને અને દવાનો ખર્ચ ઘટે છે.
- સંપૂર્ણ પ્રતિકારકતા મેળવી શકાય છે.
- જીવાતથી થતુ નુકસાન ઘટતા ઉત્પાદન વધે છે.
- પાકને ફાયદો કરતી ઉપયોગી જીવાતોને બચાવી શકાય છે. જે સામાન્ય કપાસમાં જંતુનાશક દવાના છંટકાવને લીધે મરી જાય છે.
- બીટીનો છંટકાવ પાકના છોડને અન્ય કોઈ નુકસાન કરતો નથી.

**બીટીના ગેરફાયદા :-**

- અમુક જીવાતો બીટીના ઝેરી તત્વથી કાબુમાં આવતી નથી. જે હાલ કરતા પણ વધુ નુકસાનકારક જીવાતની જાત સાબિત થઈ શકે છે. આમ સતત બીટી આધારિત દ્રાવણ તથ બીટી ટ્રાન્સજેનીક પાક નવી જીવાતની જાત પેદા કરી શકે છે.
- બીટી ટ્રાન્સજેનીક છોડ તથા તેના કુટુંબની બીજી જાત સાથે પરાગની આપ–લે દ્વારા નવી જાત ઉત્પન્ન થઈ શકે છે. જે નુકસાનકારક સાબિત થઈ શકે છે.
- બીટીનું Cry જનીન પાકના છોડમાં દાખલ કરતાં તેની સાથે અન્ય પ્રોટીન પેદા થઈ શકે છે જે માનવ શરીર માટે હાનિકારક હોઈ શકે.
- પ્રાયોગીક ધોરણે બીટીનું પ્રોટીન માનવ શરીરના કોષ માટે હાનિકારક માલુમ પડેલ છે. જે કોષમાં કોષઘટકને નુકસાન કરી પ્રતિકારકતા ધરાવતા તત્વનું વિઘટન કરે છે જેથી રોગપ્રતિકારક શક્તિ ઘટે છે.
- બીટીનું જનીન દાખલ કરેલ પાકના ભાગને તેની ખાદ્યતાની જરૂરી ચકાસણી કરીને જ ઉપયોગ કરવો જોઈએ.


# અમેરિકાથી પરત આવેલા ૮ ગુજરાતીઓ અમૃતસરથી અમદાવાદ આવી પહોંચ્યા



અમદાવાદ, તા.૧૬

અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ૧૨૦ ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને લઈને એક ખાસ ફ્લાઈટ શનિવારે મોડી રાત્રે અમૃતસર એરપોર્ટ પર ઉતરી હતી. આમાંથી ૬૦ થી વધુ પંજાબના અને ૩૦ થી વધુ હરિયાણાના છે. અન્ય ગુજરાત, ઉત્તર પ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરના છે. આ ભારતીયોનો બીજો સમૂહ છે જે ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ્યો હતો અને ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા તેમને દેશનિકાલ કરવામાં આવ્યો છે. ત્યારે ૧૬ ફેબ્રુઆરીના રોજ ૧૦.૪૫ની આસપાસ વિમાન માર્ગે અમદાવાદ એરપોર્ટ પર ૮ ગુજરાતીઓને પહોંચાડવામાં આવ્યા હતા. જેમાં એરપોર્ટ પર જરૂરી કાર્યવાહી બાદ તમામને પોલીસ બંદોબસ્ત સાથે વતન રવાના કરવામાં આવશે. હાલમાં અમદાવાદ એરપોર્ટ બહાર પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. અમેરિકાથી દેશનિકાલ કરાયેલા આ ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સમાં ૬૦ થી વધુ પંજાબના અને ૩૦ થી વધુ હરિયાણાના છે.

# હિમાલયના શિખરો પર ભારે હિમવર્ષાને કારણે ઠંડીમાં વધારો થવાની સંભાવના : હવામાન વિભાગ



(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૬

ઉત્તર પશ્ચિમથી ઉત્તર પૂર્વ સુધીના હિમાલયના રાજ્યોના ઊંચા શિખરો પર વરસાદ અને હિમવર્ષાને કારણે ઠંડીમાં વધારો થયો છે. જમ્મુ-કાશ્મીર અને ઉત્તરાખંડમાં ઘણી જગ્યાએ પારો શૂન્ય સુધી ઘટી ગયો છે. પરંતુ, ઉત્તર-પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં ગરમી સતત વધી રહી છે. હવામાન વિભાગે આગામી ત્રણ-ચાર દિવસ દરમિયાન લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ૨-૪ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે આગામી બે દિવસમાં ઉત્તર પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. ત્યારબાદ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થશે. આગામી ચાર દિવસ દરમિયાન ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે. પૂર્વ ભારતમાં તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થશે નહીં. ઉત્તર પશ્ચિમ ભારતમાં એક દિવસ પછી મહત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. આ ઉપરાંત, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, તેલંગાણામાં આગામી બે દિવસ પછી મહત્તમ તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે.

# કાશીમાં ભારે ભીડના કારણે ૨૬ ફેબ્રુઆરી સુધી ગંગા આરતી પર પ્રતિબંધ મુકાયો

વારાણસી,તા.૧૬

આ દિવસોમાં, ઉત્તર પ્રદેશના વારાણસીના ગંગા ઘાટ પર ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે. ભીડને ધ્યાનમાં રાખીને, વારાણસીના તમામ ઘાટ પર નિયમિત આરતીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પહેલા આ પ્રતિબંધ ૧૫ ફેબ્રુઆરી સુધી હતો, પરંતુ સીએમ યોગી આદિત્યનાથની સમીક્ષા બેઠક બાદ આ પ્રતિબંધ ૨૬ ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવ્યો છે. માઘી પૂર્ણિમાના એક દિવસ પહેલા, જ્યારે શહેર પર ભક્તોની વિશાળ ભીડનું દબાણ વધી ગયું, ત્યારે એવું નક્કી કરવામાં આવ્યું કે ગંગા આરતી પ્રતીકાત્મક રહેશે અને ફક્ત એક જ પૂજારી આ પ્રતીકાત્મક આરતી કરશે. ભક્તોને ઓનલાઈન આરતીમાં જોડાવા અપીલ કરવામાં આવી હતી. વહીવટીતંત્રે કહ્યું છે કે ઘાટ પર મર્યાદિત જગ્યા છે અને ભક્તોના ભારે દબાણને કારણે મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે, તેથી આરતી પરનો પ્રતિબંધ ૨૬ ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવ્યો છે.

# ઉત્તર પ્રદેશના બારાબંકી ખાતે ભયાનક માર્ગ અકસ્માતમાં ૪ શ્રદ્ધાળુઓના મોત : ૬ ઘાયલ



(એચ.એસ.એલ),બારાબંકી,તા.૧૬

ઉત્તર પ્રદેશના બારાબંકીમાં એક માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે. તે જ સમયે, છ લોકો ઘાયલ થયા છે. આ ભયાનક માર્ગ અકસ્માત પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર થયો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે એક કારના ડ્રાઈવરને ઊંઘ આવી ગઈ હતી, જેના કારણે તેણે કાર પરનો કાબુ ગુમાવ્યો અને આ અકસ્માત થયો. જોકે, અકસ્માત બાદ ડ્રાઈવર ઘટનાસ્થળેથી ભાગી જવામાં સફળ રહ્યો હતો. ડ્રાઈવરને ઝોકું આવવાને કારણે, ટેમ્પો ટ્રાવેલર ટૂરિસ્ટ વાહન રસ્તાની બાજુમાં ઉભેલી બસ સાથે અથડાયું. આ અકસ્માતમાં જીવ ગુમાવનારા તમામ લોકો ટેમ્પોમાં મુસાફરી કરી રહ્યા હતા. જે બસ સાથે ટેમ્પો ટ્રાવેલર વાહન અથડાયું હતું તે બસ પણ પ્રવાસીઓને લઈને અયોધ્યા જઈ રહી હતી. માહિતી મળ્યા બાદ ઘટનાસ્થળે પહોંચેલા એસપી દિનેશ કુમાર સિંહે જણાવ્યું હતું કે શ્રદ્ધાળુઓથી ભરેલું ટેમ્પો ટ્રાવેલર વાહન ખૂબ જ ઝડપે આગળ વધી રહ્યું હતું અને આ અનિયંત્રિત વાહન પાછળથી પ્રવાસી બસ સાથે અથડાયું હતું. આ ઘટના બાદ ટ્રાવેલર વાહનનો ચાલક વાહન છોડીને ફરાર થઈ ગયો હતો.

# ઉના તાલુકાના જસાધાર ગામે પાંચ વર્ષની બાળા ઉપર દીપડાનો જીવલેણ હુમલો



ઉના, તા.૧૬

ગીર ગઢડા તાલુકાના ગામોમાં આદમખોર દીપડાઓએ કારો કેર વર્તાવ્યો છે. ઉના તાલુકાના જસાધાર ગામે પાંચ વર્ષની બાળા ઉપર આદમખોર દીપડાએ જીવલેણ હુમલો કર્યો હતો. આ પાંચ વર્ષની બાળા પોતાના મામાના ઘરે જસાધાર રોકાવા આવેલ. બાળા અને તેના નાના તેમજ માસી ખેતરમાં કામ કરી રહ્યા હતા તે દરમિયાન દીપડાએ ઓચિંતાના આવીને બાળકી ઉપર હુમલો કરેલ. બાળકીને ગંભીર હાલતમાં ઉનાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. બાળકીની હાલત નાજુક હોવાથી વધુ સારવાર અર્થે રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. જયારે બાળકી પર હુમલો કરનાર દીપડો પાંજરે પુરાયો છે.

# વિંછીયાના મોટા હડમતીયામાં વાડીમાંથી રૂરલ એલસીબીએ રૂા. ૬.૫૦ લાખનો દારૂ પકડ્યો



જસદણ,તા.૧૬

રાજકોટ રૂરલ એલસીબીએ વધુ એક વખત દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. જેમાં વિંછીયા પોલીસ સ્ટેશન હેઠળના મોટા હડમતીયા ગામની સીમમાં વાડીમાં દરોડો પાડી રૂ.૬,૨૬,૧૬૦ નો ૧૦૦૮ બોટલ દારૂ જપ્ત કર્યો હતો. જો કે વાડીમાં આ દારૂ ઉતારનાર વાડી માલિક હાજર ન હોઈ તેની શોધખોળ હાથ ધરાઈ હતી. રૂરલ એલસીબીની ટીમ દારૂ, જુગારની પ્રવૃત્તિ અટકાવવા અને કેસ શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતી ત્યારે એલસીબીના હેડ કોન્સ. ભગીરથસિંહ જાડેજા, વાઘાભાઈ આલ, અનિલભાઈ ગુજરાતી, ધર્મેશભાઈ બાવળીયા, કોન્સ. મહિપાલસિંહ ચુડાસમાને બાતમી મળતાં વિછીયાના મોટા હડમતીયા ગામે મુનાભાઈ જીલુભાઈ ખાચરની વાડીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાંથી અલગ-અલગ બ્રાન્ડની દારૂની રૂ.૬,૨૬,૧૬૦ ની ૧૦૦૮ બોટલો મળી આવતાં વાડી માલિક વિરૂધ્ધ ગુનો નોંધી દારૂ કબ્જે કર્યો હતો. આ દરોડામાં મુનાભાઈએ વાડીમાં દારૂ ઉતાર્યો હતો અને કટીંગ કરવાનો હતો. જો કે એ પહેલા પોલીસને બાતમી મળી જતાં દરોડો પાડતાં મુનો દારૂનો જથ્થો મૂકી ગુમ થઈ ગયો હતો. જો કે તે ઝડપાયા બાદ વધુ વિગતો ખુલશે તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

# અમદાવાદ મહાનગરપાલિકાની પેટાચૂંટણીમાં પ્રિસાઈડિંગ ઓફિસર નશાની હાલતમાં ઝડપાયો



(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૬

ગુજરાતભરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન શરુ થઈ ગયું છે. ત્યારે મહેમદાવાદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં વિવાદ સર્જાયો છે. મતદાન કેન્દ્ર પર પ્રિસાઈડિંગ ઓફિસર દારુ પીધેલી હાલતમાં ઝડપાયો છે. વોર્ડ નંબર ૫ના મતદાન મથક ૩ની ઘટના હોવાનું સામે આવ્યું છે.

વિરેન્દ્રસિંહ સુખાભાઈ બારીયા નામનો ઓફિસર પીધેલી હાલતમાં જોવા મળ્યો હતો. મળતી માહિતી અનુસાર પીધેલો પ્રિસાઈડિંગ ઓફિસર ખેડા જિલ્લાની એક શાળામાં મદદનીશ શિક્ષક હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર ઘટના ધ્યાને આવતા કલેક્ટરને જાણ કરવામાં આવી હતી. કલેક્ટરે ત્વરિત પ્રિસાઈડિંગ ઓફિસરને હટાવી દીધા છે. ખેડા એસીપીએ કાયદેસરની કાર્યવાહીનો આદેશ આપ્યો છે. મહેમદાવાદ પોલીસ મથકે ફરિયાદ દાખલ થશે.

# કોડીનાર નગરપાલિકા ચૂંટણીમાં ૬૧.૩૬% મતદાન : શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન



કોડીનાર, તા.૧૬

કોડીનાર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં આજે શાંતિપૂર્ણ માહોલમાં કુલ ૬૧.૩૬ ટકા મતદાન નોંધાયું છે. ભાજપની ૪ બેઠકો બિનહરીફ જાહેર થયા બાદ બાકીની બેઠકો માટે યોજાયેલી આ ચૂંટણીમાં સવારે ૭થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા ચાલી હતી. સવારના સમયે ધીમી ગતિએ શરૂ થયેલું મતદાન બપોર બાદ વેગવંતુ બન્યું હતું. વોર્ડ નં. ૬માં સૌથી વધુ ૬૭.૯૮% અને વોર્ડ નં. ૨માં સૌથી ઓછું ૫૪.૧૬% મતદાન નોંધાયું હતું. વોર્ડ નં. ૩માં બુખારી મોહલ્લા ખાતે EVMમાં ટેકનિકલ ખામી સર્જાતાં અર્ધો કલાક સુધી મતદાન ખોરવાયું હતું. કુલ ૧૪ બિલ્ડિંગમાં ૩૨ બૂથ પર યોજાયેલી ચૂંટણીમાં નવદંપતીઓ, યુવાનો અને વૃદ્ધોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તમામ બૂથ સંવેદનશીલ જાહેર કરાયા હોવાથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આગામી તા. ૧૮ના રોજ મતગણતરી હાથ ધરાશે.

# અમરેલીમાં પાણીનો પાળો હટાવવા મુદ્દે ગાળો આપી

**અમરેલી સીટી પોલીસ સ્ટેશન દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ**

અમરેલી,તા.૧૬

અમરેલીમાં પાણીનો પાળો હટાવવા મુદ્દે ગાળો આપી હતી. બનાવ અંગે જયસુભાઈ બચુભાઈ મકવાણા (ઉ.વ.૬૬) એ મુકેશભાઈ ભીખુભાઈ મકવાણા તથા મયંક મુકેશભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, જયસુખભાઈ મકવાણાએ તેમના ઘર સામે પાણીનો પાળો બાંધ્યો હતો. જે હટાવવાનું કહેતા તેમણે કાઢ્યો ન હોવાથી તેમણે પોતાની મેળે કાઢી નાખ્યો હતો. જેને લઈ સારું ન લાગતાં ગાળો આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. એ. પટેલ વધુ તપાસ કરી રહ્યા છે.

# ટીંબીની નિર્દોષાનંદજી હોસ્પિટલમાં આધુનિક બી-સ્કેન મશીન કાર્યરત



ટીંબી, તા.૧૬

સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જિ.ભાવનગર)ના આંખ વિભાગમાં નવું બી-સ્કેન મશીન કાર્યરત કરવામાં આવ્યું છે. અમેરિકા સ્થિત પુષ્પા એન્ડ હસમુખ શાહ ફાઉન્ડેશન દ્વારા વડોદરાના અશોકભાઈ શેઠ મારફતે પ્રાપ્ત થયેલ રૂ.૧૪ લાખના અનુદાનથી આ આધુનિક મશીન વસાવવામાં આવ્યું છે. તા.૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. નટુભાઈ રાજપરા, બી.એલ. રાજપરા, રસિકભાઈ ભીંગરાડિયા અને પરેશભાઈ ડોડિયાની ઉપસ્થિતિમાં આ મશીન કાર્યરત કરવામાં આવ્યું હતું. આંખ વિભાગના વડા ડૉ. જયેશ પટેલ અને ડૉ. કોમલ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

# જસદણ નગરપાલિકા ચૂંટણી : સોનલબેન વસાણીના સમર્થનમાં અમરેલી જિલ્લા રઘુવીર સેના



જસદણ,તા.૧૬

જસદણ નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૬ના લોહાણા સમાજના મહિલા ઉમેદવાર સોનલબેન વસાણીના સમર્થનમાં અમરેલી જિલ્લાની રઘુવીર સેના સક્રિય થઈ હતી. રઘુવીર સેનાના આગેવાનોએ સોનલબેન વસાણીને જંગી બહુમતીથી વિજય અપાવવા માટે ડોર ટુ ડોર પ્રચાર શરૂ કર્યો હતો. રઘુવીર સેનાની ટીમ સોનલબેન વસાણીના સમર્થનમાં પ્રચારમાં જોડાઈ અને મતદારોને મળીને તેમને મત આપવા અપીલ કરી હતી. આ પ્રસંગે અમરેલી જિલ્લા રઘુવીર સેનાના પ્રમુખ વિશાલભાઈ સોઢા, બાબરા રઘુવીર સેનાના પ્રમુખ રિષીભાઈ પ્રમોદભાઈ રૂપારેલિયા (એડવોકેટ - નોટરી), રવિભાઈ ભિમજીયાણી અને ભવ્યભાઈ ચાંદરાણી સહિતના રઘુવીર સેનાના સભ્યોએ સોનલબેન વસાણીને સમર્થન આપ્યું હતું. સોનલબેન વસાણી સર્વ સમાજને સાથે લઈને ચાલનારા અને રઘુવંશી મહિલા આગેવાન છે, ત્યારે સમગ્ર લોહાણા સમાજ ખભે-ખભા મિલાવીને તેમના પ્રચારમાં જોડાયો હતો. રઘુવીર સેનાના આગેવાનોએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે સોનલબેન જંગી બહુમતીથી વિજયી થશે.

# સૌરાષ્ટ્ર સિમેન્ટમાં ૭૦ સિક્યુરિટી ગાર્ડને છૂટા કરતાં વિવાદ સર્જાયો

**૩૫ વર્ષથી કાર્યરત કર્મચારીઓની એકસાથે છટણી, કલેક્ટર-એસપીને આવેદન**


તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના, તા.૧૬

મોરાસા ખાતે આવેલી સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ (સિદ્ધિ સિમેન્ટ) કંપનીમાં ૩૫ વર્ષથી કાર્યરત ૭૦થી વધુ સિક્યુરિટી ગાર્ડને એકસાથે છૂટા કરવામાં આવતા વિવાદ સર્જાયો છે. કંપનીના ગેટ પર સિક્યુરિટી ગાર્ડોએ નારાજગી વ્યક્ત કરી વિરોધ નોંધાવ્યો હતો. કોસ્મો એજન્સી દ્વારા કામદારોને એજન્સી બંધ થવાના કારણસર કામ પર ન આવવા જણાવવામાં આવ્યું હતું. આ અગાઉ કંપનીમાં ચારથી પાંચ વખત સિક્યુરિટી એજન્સીઓ બદલાઈ હતી, પરંતુ કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા ન હતા. પ્રથમ વખત તમામ કર્મચારીઓને એકસાથે છૂટા કરવામાં આવતા મામલો ગરમાયો હતો. કર્મચારીઓએ કલેક્ટર અને એસપીને આવેદન આપ્યું છે. જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રાજવીરસિંહ ઝાલાની અધ્યક્ષતામાં નવી સિક્યુરિટી કંપની 'કમાન્ડો'ના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. આગામી મંગળવારે યોજાનારી બેઠક સુધી તમામ કાર્યક્રમો મુલતવી રાખવામાં આવ્યા છે.

### બહારગામથી નોંધણી કરાવવા આવતા મોટા ભાગના લવ-મેરેજના કિસ્સા, લવ જેહાદના લગ્ન નોંધાયા હોવાની પણ શંકા

# બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામમાં એક જ વર્ષમાં ૩૮૧ લગ્ન નોંધાયા

**લગ્ન નોંધણીના તમામ રેકર્ડ જપ્ત કરાયા**

બગસરા, તા.૧૬

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે એક જ વર્ષમાં મોટી સંખ્યામાં લગ્ન નોંધણીનું કૌભાંડ બહાર આવતા તંત્રએ તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. નાયબ જિલ્લા વિકાસ અધિકારી સહિતના તપાસ અધિકારીઓ દોડી આવ્યા હતા અને તમામ રેકર્ડ જપ્ત કરી તપાસ હાથ ધરવામાં આવી છે. બગસરા તાલુકાના નાના એવા મુંજીયાસર ગામમાં એક જ વર્ષમાં લગ્ન નોંધણી રજીસ્ટરના હક ધરાવતા તલાટી મંત્રી દ્વારા ૩૮૧ લગ્ન નોંધાયા હોવાની ખબર મળતા જ અધિકારીઓ દોડી આવ્યા હતા. નાયબ જિલ્લા વિકાસ અધિકારીની હાજરીમાં લગ્ન નોંધણીના તમામ રેકર્ડની તપાસ કરાતા ૩૮૧ લગ્ન નોંધાયા હોવાનું સામે આવ્યું હતું. મોટા મુંજીયાસર ગામે આવેલા ખોડીયાર મંદિરે ગમે તે વિસ્તારના લોકોના લગ્ન કરી નોંધણી કરવામાં આવતી હતી. જો યોગ્ય તપાસ કરવામાં આવે તો લગ્ન કરાવનાર બ્રાહ્મણ તેમજ નોંધણી કરાવનાર તેમજ વચેટીયાઓ દ્વારા મોટી રકમનું કૌભાંડ બહાર આવે તેમ છે. છેલ્લા એક વર્ષથી આ પ્રમાણે લગ્ન નોંધણી થતી હોવા છતાં તલાટી મંત્રી કે અન્ય કોઈ અધિકારીને આવા લગ્ન બાબતે ધ્યાન કેમ ન ગયું ? તે પણ તપાસનો વિષય છે. ઉચ્ચકક્ષાની તપાસ સમિતિ દ્વારા જો સમગ્ર ઘટનાની તપાસ કરવામાં આવે તો મોટું કૌભાંડ બહાર આવે તેમ છે. સાથે જ આવી લગ્ન નોંધણીમાં લવ જેહાદના કિસ્સાઓ તો નથી બન્યા ને ? તે પણ તપાસ બાદ જ ખબર પડશે.

ઘણાં લગ્નની નોંધણી બીજા જિલ્લાના વર-વધુ હોય તેવા કિસ્સામાં પણ થઈ છે અને આ મોટાભાગના લગ્ન એક જ મંદિરે થયા છે. બીજા જિલ્લાના લોકો બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામમાં જ લગ્ન નોંધણી માટે કેમ આવે છે તે પણ તપાસનો વિષય છે અને આવી લગ્ન નોંધણીમાં લવ જેહાદના કિસ્સાઓ તો નોંધાયા નથી ને તે પણ સત્ય બહાર લાવવું જરૂરી છે.

લગ્ન નોંધણી વખતે એક જ પૂજારી અને એક જ સાક્ષીઓ વારંવાર લગ્નમાં રીપીટ થયા હોય તેવું પણ ગામલોકોએ નામ ન આપવાની શરતે જણાવ્યું છે. તેઓએ જણાવ્યું છે કે લગ્ન નોંધણી માટે મસમોટી રકમ પણ લેવામાં આવતી હતી. જો કે આ સમગ્ર ઘટનામાં સત્ય તો તપાસ બાદ જ બહાર આવશે. ગ્રામ પંચાયતના સરપંચે પણ સમગ્ર ઘટનાથી અજાણ હોવાનું જણાવ્યું છે.

તલાટી મંત્રી સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતું કે લગ્ન નોંધણીની સત્તાઓ હોદ્દાની રૂએ મને મળેલ છે અને તે અન્વયે મે તમામ લગ્નની નોંધણી કરી છે. આશ્ચર્યની વાત તો એ છે કે તલાટી મંત્રીએ એકપણ લગ્નના કિસ્સામાં મોટા મુંજીયાસરમાં જ લગ્ન નોંધણી કેમ ? તે અંગે તપાસ નથી કરી અથવા તો ઉપલા અધિકારીને જાણ કરેલ નથી. વારંવાર તેમણે હોદ્દાની રૂએ સત્તા મળેલ છે તેવું ગાણું ગાયે રાખેલ હતું. આ અંગે જો તટસ્થ તપાસ કરવામાં આવે તો મસમોટા કૌભાંડ બહાર આવે તેમ છે.

## દારૂ છુપાવવા બુટલેગરનો નવો કિમીયો, મંદિરની નીચે ભોંયરામાં છૂપાવ્યો દારૂ

અમદાવાદ,તા.૧૬

દારૂ છુપાવવા માટે બુટલેગરો અવનવા કિમીયા શોધી રહ્યા છે. ત્યારે અમદાવાદના કૃષ્ણનગરમાં ગોપાલસિંહ નામના બુટલેગરે દારૂ છુપાવવા માટે એવી જગ્યા શોધી કાઢી કે પોલીસ પણ ચોંકી ગઈ હતી. ગોપાલસિંહે પોતાના ઘરમાં મંદિરની નીચે ભોંયરું બનાવી તેમાં દારૂનો જથ્થો સંતાડી રાખ્યો હતો. બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચે ગોપાલસિંહના ઘરે રેડ કરી હતી.




રેડ દરમિયાન પોલીસે મંદિર નીચે બનાવેલા ભોંયરામાંથી દારૂનો મોટો જથ્થો શોધી કાઢ્યો હતો. પોલીસે દારૂ સહિત રૂ.૫૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. હાલમાં પોલીસ ગોપાલસિંહની શોધખોળ કરી રહી છે. તેમજ દારૂ મંગાવનાર અને સપ્લાય કરનારની પણ તપાસ ચાલુ છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે બુટલેગરો દારૂ છુપાવવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે. ત્યારે પોલીસ પણ આવા બુટલેગરોને પકડવા માટે સતત પ્રયાસો કરી રહી છે. અગાઉ પણ, બનાસકાંઠા જિલ્લામાં મોટા પ્રમાણમાં બુટલેગરો દ્વારા વિદેશી દારૂ ઘુસાડવામાં આવ્યો હતો.

## રાજ્યમાં પાલિકા-પંચાયતનું એકંદરે ૫૭ ટકા મતદાન

**મતદારોમાં ઉદાસીનતા: ગત વખત કરતાં ૮ ટકા ઓછું મતદાન**

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢ મહાનગરપાલિકા, ૬૮ નગરપાલિકાઓ, ૩ તાલુકા પંચાયત સહિત સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સામાન્ય અને પેટાચૂંટણી માટે વોટિંગ પૂર્ણ થઈ ગયું છે. ૧૧ કલાકમાં એટલે કે ૬ વાગ્યા સુધીનું



સરેરાશ ૫૭ ટકા મતદાન થયું છે. ૫ હજારથી વધુ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયું છે. ૨૦૧૮માં યોજાયેલી ૭૫ નગરપાલિકામાં સરેરાશ ૬૫ ટકા મતદાન થયું હતું. જ્યારે આ વખતે ૫૭ ટકા વોટિંગ થતાં ગત ચૂંટણી કરતા આ વખતે મતદાનમાં ૮ ટકાનો ઘટાડો થયો છે. હવે ૧૮ ફેબ્રુઆરીએ મતગણતરી કરવામાં આવશે. જૂનાગઢ મહાનગરપાલિકાની ૬૦ બેઠકો પૈકી ૮ બેઠકો બિનહરીફ થઈ છે. ૬૬ નગરપાલિકાઓના ૪૬૧ વોર્ડ પૈકી ૨૪ વોર્ડ સંપૂર્ણ બિનહરીફ થયા છે. કુલ ૧૮૮૪ બેઠકો પૈકી ૧૬૭૭ પર ચૂંટણી યોજાઈ છે. બોટાદ અને વાંકાનેર નગરપાલિકાની મધ્ય સત્ર ચૂંટણી યોજાશે, જેમાં ૭૨માંથી ૨૩ બેઠકો બિનહરીફ થઈ છે. આમ કુલ ૨૧૨ ઉમેદવાર બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. લુણાવાડામાં ભાજપ અને કોંગ્રેસના એજન્ટો વચ્ચે મતદાન મથકે બોલાચાલીના દૃશ્યો જોવા મળ્યા હતા. અહીં વોર્ડ નંબર ૪ પર બે એજન્ટો બાખડ્યા હતા. જ્યારે વલસાડથી એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે જેમાં વોર્ડ નંબર ૨માં ભાજપને વોટ આપતા દૃશ્યો કેમેરામાં કેદ થયા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે વ્યક્તિ ભાજપની પેનલને વોટ આપી રહ્યો છે. જોકે હજુ સુધી આ વીડિયોની પુષ્ટી થઈ શકી નથી.

## સુરત પોલીસે ગણતરીના કલાકોમાં ગેંગરેપ-લૂંટ કેસના બે આરોપીને ભાવનગરથી ઝડપ્યા

(એચ.એસ.એલ),સુરત,તા.૧૬

સુરતના પુણેના સીતાનગરમાં વહેલી સવારે ૩ વાગ્યે બંધક બનાવીને સામૂહિક બળાત્કારની ઘટનામાં ચોંકાવનારો ખુલાસો થયો છે. જેમાં રૂ.૬૦ હજારની લૂંટ પણ કરવામાં આવી હતી. મામલો પ્રકાશમાં આવ્યા બાદ, પોલીસે થોડા જ કલાકોમાં ભાવનગરના નારી નજીકના દૂરના વિસ્તારમાં આવેલા જંગલેશ્વર મહાદેવ મંદિરમાં છુપાયેલા બે બળાત્કારીઓને પકડી




પાડ્યા હતા. પકડાયા બાદ આ ગુનેગારોએ ચોંકાવનારા ખુલાસા કર્યા છે. પોલીસે જણાવ્યું કે ગેંગરેપ અને લૂંટ ચલાવનારા આ ગુનેગારો પોલીસ હોવાનો ઢોંગ કરીને નિર્માતાના ઘરમાં ઘૂસ્યા હતા.

## સુરત મહાનગરપાલિકાની પેટાચૂંટણીમાં આચારસંહિતા ભંગની ફરિયાદો ઉઠી

સુરત,તા.૧૬

સુરત મહાનગરપાલિકાની વોર્ડ નં.૮ની બેઠક ઉપર આજે મતદાન યોજાયું હતું. ત્યારે સવારથી જ મતદારોએ પોતાના મતદાન મથક ઉપર જઈને મતદાન કર્યું હતું. ભાજપના કાર્યકર્તાઓએ વધુમાં વધુ મતદાન કરવાના પ્રયાસમાં આચારસંહિતા ભંગ થઈ હતી. જેમાં ભાજપના કાર્યકર્તાઓ ખેસ પહેરીને આવતા તથા કયાંક ભાજપના બેનરો લાગતા કોંગ્રેસ



અને આપના કાર્યકર્તાઓએ વિરોધ નોંધાવ્યો હતો. જયારે વોર્ડ નં.૧૮માં પેટાચૂંટણીનું મતદાન ચાલી રહ્યું હતું તે દરમિયાન સુરતના એનએસયુઆઈના કાર્યકરોએ પોલીસ સાથે રાખી બોર્ડ બેનર અને ખેસ પહેરીને ફરતા લોકો સામે તાત્કાલિક પગલા લેવાની માંગ કરી હતી. જયારે આપના બુથ એજન્ટો ચૂંટણી બુથમાં ચૂંટણી ચિન્હનો પ્રચાર કરતા હોવાના વીડિયો સામે આવ્યા હતા. એટલું જ નહીં, પરંતુ આજે કેટલાક કાર્યકર્તાઓના હાથમાં પાર્ટીના સિમ્બોલ વાળી સ્લીપ પણ વેચવામાં આવતી હોવાનું જણાઈ આવ્યું હતું. પુણા વિસ્તારમાં વિક્રમનગર ત્રણ સોસાયટીમાં ભારતીય જનતા પાર્ટીનું બેનર લાગતા આમ આદમી પાર્ટી દ્વારા સોસાયટીમાં જઈને બેનર ઉતારાવ્યું હતું.

## ભાવનગરમાં ફેરા ફરતા પહેલા કન્યાએ મતદાન કરી પવિત્ર ફરજ નિભાવી

ભાવનગર,તા.૧૬

લગ્નના હરખ વચ્ચે ભાવનગર શહેરના મિલની ચાલી વિસ્તારમાં એક કન્યા લગ્નના ફેરા ફરતા પહેલા મતદાન મથકે પહોંચી અને પોતાના મત અધિકારનો ઉપયોગ કર્યો હતો. હાલ ભાવનગર શહેરમાં વડવા બ વોર્ડની ચૂંટણી યોજાઈ હતી, ભારે ઉત્સાહ સાથે લોકો મતદાન કરવા જઈ રહ્યા હતા ત્યારે મિલની ચાલી વિસ્તારમાં રહેતા પરીતાબેન વિનોદભાઈ બાબરીયા નામના




દુલ્હન કે જેમની જાન માંડવે આવી ચૂકી હતી અને લગ્નના ફેરા ફરવાને દસ જ મિનિટની વાર હતી, તે પહેલા જ તે મતદાન કરવાની નૈતિક ફરજ સમજી અને મતદાન મથકે મતદાન કરવા પહોંચ્યા હતા.

## ગુજરાતમાં તાપમાનનો પારો ઉંચકાતા ઠંડીમાં ઘટાડો : ૫ દિવસ વાતાવરણ યથાવત રહેશે

અમદાવાદ, તા.૧૬

ફેબ્રુઆરી મહિનાની શરૂઆતથી જ ગુજરાતમાં તાપમાન વધી રહ્યું છે. સતત તાપમાનમાં વધારો થવાથી ગરમીનું પ્રમાણ પણ વધ્યું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધી વધતા ગરમીનું પ્રમાણ વધ્યું છે. તથા મહત્તમ તાપમાન પણ કેટલાક જિલ્લાઓમાં ૩૫ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચ્યું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં ૧૫.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઉપરાંત ગતરોજ રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં ૩૫.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અમદાવાદમાં ૨૪ કલાકમાં લઘુતમ તાપમાનમાં ૩.૫ ડિગ્રીનો વધારો થયો હતો. ગતરોજ અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૧૯.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તથા અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૩૪.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજકોટનું લઘુત્તમ તાપમાન ૧૮.૬ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૫.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.













